Website : www.rakhewaldaily.com Email : rakhewal@gmail.com

વર્ષ : 33 ● અંક : ૨૦૫
તા.૩૧-૦૮-૨૦૧૭, ગુરૂવાર
સંવત ૨૦૭૩ ભાદરવા સુદ - ૧૦
પાના : ૮ ● કિંમત રૂા.૨-૦૦

સૂર્યોદય : ૦૬:૨૩ સૂર્યાસ્ત : ૦૬:૫૮

તાપમાન: ડીસા 30.0, અમદાવાદ ૩૧.૬, ગાંધીનગર 33.0, વડોદરા ૩૦.૬, સુરત ૨૯.૦, નલિયા ૨૯.૮

ચાંદી : ૪૦૧૦૦ સોનું : ૨૯૮૦૦

P.R.No. GBK/06/2015-17 RNI No 20508/71 Facebook.com/rakhewal

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

# રખેવાળ

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેક્સ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭ જનસેવાની પરંપરાના ૭૩ વર્ષ...

**બનાસકાંઠા જીલ્લો રાજ્યનો સુવિધા સભર શ્રેષ્ઠ જીલ્લો બનાવવા રાજ્ય સરકાર પ્રયાસો કરશે : મુખ્યમંત્રી**

# પાટણ- બનાસકાંઠાના ૨.૬૫ લાખ ખેડુતોને રૂા.૬૩૦ કરોડની સહાય આજથી ખાતામાં જમા થશે : રૂપાણી





અશોક શેઠ

તા.પ્રતિનિધિ દિયોદર

બનાસકાંઠા જીલ્લા તથા પાટણ પંથકમાં આવેલ પુર હોનારત સમયે ભારે તારાજી સર્જાઈ હતી તેવા સમયે લોકોને મદદરૂપ થવાના અને વહીવટી તંત્રને સતત દોડતું રાખવાના પ્રયાસ સ્વરૂપ રાજ્યના મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી બનાસકાંઠા જીલ્લામાં સતત પાંચ દિવસ રોકાઈ સંવેદનશીલ સરકારનો પરચો બતાવેલ.

ત્યારબાદ આજરોજ મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી બપોરે દીઓદર ખાતે જેતડા હાઈવે ઉપર તૈયાર કરાયેલ હેલીપેડ ઉપર હેલીકોપ્ટરથી આવી પહોંચેલ. જ્યાં રાજ્યમંત્રી કેશાજી ચૌહાણ તથા બનાસકાંઠા જીલ્લા ભાજપના અગ્રણીઓએ મુખ્યમંત્રીનું સ્વાગત કરેલ.ત્યારબાદ મુખ્યમંત્રીશ્રી તથા ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે દીપ પ્રાગટ્ય કરવામાં આવેલ.

જીલ્લા કલેક્ટરશ્રી દિલીપ રાણાએ મુખ્યમંત્રીશ્રીને આવકારી વહીવટી તંત્ર દ્વારા કરાયેલ કામગીરીનો ચિતાર રજુ કરેલ.ત્યારબાદ આરોગ્ય રાજ્ય મંત્રીશ્રી શંકરભાઈ ચૌધરીએ પ્રવચન કરતાં જણાવેલ કે રાજ્ય સરકારે આ જીલ્લા માટે ખૂબ જ સારો અભિગમ રાખ્યો છે. સરકારના સરાહનીય પ્રયાસોના કારણે લોકોને વધારે નુકશાન થયેલ નથી. રાજ્ય મંત્રી કેશાજી ચૌહાણે જણાવેલ કે આજ સુધીના ઈતિહાસમાં કોઈ મુખ્યમંત્રી બનાસકાંઠાની ધરતી પર રોકાઈ સરકાર ચલાવી હતી અને આજે ઓગડજીની પાવન ભૂમિ એવા દીઓદર તાલુકામાંથી બંને જીલ્લાઓ પૈકી સૌ પ્રથમ સહાયનો ચેક આપવા આપણા આંગણે પધાર્યા છે.

મુખ્યમંત્રી આ જીલ્લા પ્રત્યેના લગાવ એ પ્રજા માટે ખૂબ જ ફાયદાકારક રહેવા પામેલ છે.તેમણે કોઈ સહાયથી વંચીત નહી રહે તેમ જણાવેલ. મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ જણાવેલ કે બનાસકાંઠા જીલ્લામાં પાંચ દિવસ રહેવાનું સૌભાગ્ય પ્રાપ્ત થતાં આ પંથક પ્રત્યેની આત્મીયતા વધી છે.આ પંથકની પ્રજાનો પ્રેમ અને લગાવ મારી જીંદગીનું એક ભાથું બની રહેવા પામશે.તેમણે જણાવેલ કે રાજ્ય સરકારે લોકોને કેશડોલ અને ઘર વખરી સહાય ચૂકવ્યા બાદ સંવેદનશીલ સરકારે ખેડુતોને પણ તાકીદે સહાય આપવા પ્રયાસ કર્યા છે.આ જીલ્લામાં અગાઉ દુષ્કાળીયો બનાસકાંઠા કહેવાતો આ પંથકની પ્રજા માથું ઉંભુ કરીને જીવી શકે અને તેની કલેવર બદલાય તે માટે રાજ્ય સરકાર પ્રયત્નશીલ છે.તેમણે જણાવેલ કે ૨૦૧૫ અને ૨૦૧૭ની સતત બે વખત નદીના વહેણના ભોગ બનેલ ગામોને નવું ગામ સીમ તળ આપી નવા ગામો વસાવવામાં આવશે. મુખ્યમંત્રીના હસ્તે જિલ્લાના કેટલાય લાભાર્થીઓને પાક ધોવાણના ચેક અર્પણ કરાયેલ. તેમણે જણાવેલ કે આવતી કાલથી બંન્ને જીલ્લાના ૨.૬૫ લાખ ખેડુતોને રૂા.૬૩૦ કરોડની સહાય તેમના ખાતાં જમા થઈ જશે. ત્યારબાદ મુખ્યમંત્રીશ્રીએ ૧૦ જેટલા ગામોનું પુનઃ વસર્ન માટે સનદ અને પ્લાન સરપંચોને અર્પણ કરાયેલ.જીલ્લા વિકાસ અધિકારીશ્રી અમીત અરોરાએ આભાર વિધી કરેલ. આ પ્રસંગે કેન્દ્રીય મંત્રી શ્રી હરીભાઈ ચૌધરી, આરોગ્ય મંત્રીશ્રી શંકરભાઈ ચૌધરી, રાજ્ય કક્ષાના મંત્રીશ્રી અને દીઓદરના ધારાસભ્યશ્રી કેશાજી ચૌહાણ, પાટણના સાંસદ લીલાધરભાઈ વાઘેલા,પ્રદેશ ભાજપ મંત્રી કે.સી.પટેલ,થરાદના ધારાસભ્યશ્રી પરબતભાઈ પટેલ, કલેક્ટરી દિલીપ રાણા, ડી.ડી.ઓ., દીઓદરના માજી ધારાસભ્ય માનસિંહજી વાઘેલા, જીલ્લા ભાજપ મહામંત્રી ભારતસિંહ ભટેસરીયા, અમરતભાઈ દવે, થરા માર્કેટ યાર્ડના ચેરમેન અણદાભાઈ પટેલ, દીઓદર તાલુકા પંચાયતના પ્રમુખ ઉત્તમસિંહ વાઘેલા, દીઓદર તાલુકા ભાજપ પ્રમુખ પરાગભાઈ જોષી,દીઓદર સરપંચ ગીરીરાજસિંહજી વાઘેલા, જે.બી.દોશી,બનાસ બેંકના ડીરેક્ટર ઈશ્વરભાઈ ટી.પટેલ, દીઓદર તા.સંઘના પ્રમુખ ઈશ્વરભાઈ તરક, મહામંત્રી ભરતભાઈ અખાણી, ઈશ્વરભાઈ પટેલ,પૂર્વ મહામંત્રી વનરાજસિંહ વાઘેલા, ચેલાભાઈ પટેલ, બ.કાં.જીલ્લા યુવા ભાજપ ઉપપ્રમુખ રમેશભાઈ ચૌધરી, દીઓદર તાલુકા યુવા ભાજપ પ્રમુખ નાગજીભાઈ દેસાઈ, મહામંત્રી ભરતભાઈ એચ.જોષી, દીઓદર તાલુકા ભાજપ ઉપપ્રમુખ ડી.કે.રબારી, ખેંગારભાઈ પઢાર, ઉકાભાઈ પઢાર, ડામરાભાઈ પટેલ,ભવાનજી ઠાકોર,રાંણાભાઈ ડાભી, સવજીભાઈ રાજપૂત, પરાગભાઈ પટેલ, પ્રદીપ સી.મહેતા, રાજુભાઈ મોદી, અમરાભાઈ વી.પટેલ, બાબુલાલ માળી તથા ગ્રામીણ વિસ્તારના સરપંચશ્રીઓ,તાલુકા પંચાયતના સદસ્યશ્રીઓ ભાજપના કાર્યકરો સહીત મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહેલ.

**પુર તારાજીનો ભોગ બનેલા ધરતીપુત્રને સહાય ચુકવણી : મુખ્યમંત્રી દ્વારા બનાસકાંઠાના ૨.૬૫ લાખ ધરતીપુત્રોને સહાય ચુકવણી શરૂ : કેશડોલ્સના ૬૦૫૦ લાખ ચુકવાયા**

*દેવભૂમિ દ્વારકાના ટંકારિયા ગામમાં ૧૫ ઇંચ વરસાદ ખાબક્યો*

## સૌરાષ્ટ્ર-દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદ : જનજીવન ઉપર અસર

### દ્વારકા જિલ્લાના અનેક ગામોમાં ભારે વરસાદથી લોકો મુશ્કેલીમાં : કેશોદ-માંગરોળમાં આઠ ઈંચથી વધુ વરસાદ : ૧૧૩ તાલુકાઓમાં નોંધપાત્ર વરસાદ



અમદાવાદ

વાણિજ્ય પાટનગર મુંબઈની સાથે સાથે ગુજરાતભરમાં પણ અતિભારે વરસાદ જારીરહ્યો છે. સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદના કારણે હાલત કફોડી થયેલી છે. દ્વારકા જિલ્લાના ખંભાળિયા અને કલ્યાણપુરમાં ચાર કલાકમાં વધુ ૬ ઈંચ જેટલો વરસાદ નોંધાઈ ગયો છે જ્યારે છેલ્લા ૨૪ કલાકમાં કેશોદ અને માંગરોળમાં આઠ ઈંચ જેટલો વરસાદ નોંધાઈ ગયો છે. આવી જ રીતે છેલ્લા ૨૪ કલાક દરમિયાન જામકલ્યાણપુર, ઉપલેટા, વાપી, વિસાવદર, જામનગરમાં અતિભારે વરસાદ થયો છે. દેવભૂમિ દ્વારકાના ટંકારિયા ગામે ૧૫ ઈંચ વરસાદથી બારડી પંથક બેટમાં ફેરવાયું છે. દ્વારકા જિલ્લાના અન્ય ભાગોમાં સૌથી કફોડી હાલત સર્જાઈ છે. છેલ્લા ૨૪ કલાકમાં ત્રણ તાલુકાઓમાં પાંચ ઈંચથી વધુ વરસાદ થયો છે. જ્યારે આઠ તાલુકાઓમાં ત્રણ ઈંચથી વધુ વરસાદ તેમજ ૨૨ તાલુકાઓમાં બે ઈંચથી વધુ વરસાદ, ૬૯ તાલુકાઓમાં એક ઈંચથી વધુ વરસાદ થયો છે જેના કારણે જનજીવનને અસર થઈ છે. રાજ્યના ૧૧૩ તાલુકાઓમાં નોંધપાત્ર વરસાદ થયો છે. કેશોદ અને માંગરોળમાં આઠ ઈંચ, માણવદરમાં ૬ ઈંચ, ખંભાળિયા, માળિયા, કલ્યાણપુરમાં ૨૪ કલાકમાં પાંચ ઈંચથી વધુ વરસાદ થઈ ચુક્યો છે. આજે ખંભાળિયા અને કલ્યાણપુરમાં ટુંકા ગાળામાં જ છ ઈંચ વરસાદના પરિણામ સ્વરુપે ચારેબાજુ પાણી ભરાઈ ગયા હતા. રાજયમાં છેલ્લા ત્રણ ચાર દિવસથી વરસી રહેલા વરસાદે છેલ્લા ચોવીસ કલાક દરમિયાન સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં વરસવાનું ચાલુ રાખીને રાજયના ૧૧૩ તાલુકાઓમાં નોંધપાત્ર વરસાદ વરસાવ્યો છે. જેમાં જુનાગઢ જિલ્લાના કેશોદ તાલુકામાં ૨૦૪ મી.મી અને માંગરોળમાં ૧૯૮ મી.મી., મળી કુલ બે તાલુકામાં આઠ ઈંચ, માણાવદરમાં ૧૫૨ મી.મી., એટલે કે ૬ ઈંચ અને ખંભાળીયામાં ૧૪૪ મી.મી., માળીયામાં ૧૨૮ મી.મી., કલ્યાણપુરામાં ૧૨૬ મી.મી., મળી કુલ ત્રણ તાલુકાઓમાં પાંચ ઈંચથી વધુ વરસાદ વરસ્યો હોવાના અહેવાલો સાંપડ્યા છે.

*૧૪ દર્દીઓ વેન્ટીલેટર ઉપર, ૪૭ ઓક્સિજન પર*

## અમદાવાદ : સ્વાઇન ફ્લુથી એકનું મોત, ૫૯ કેસ નોંધાયા

### અમદાવાદમાં સ્વાઈન ફ્લુના કેસો સંખ્યામાં વધારો

અમદાવાદ

અમદાવાદ શહેરમાં આ માસની શરૂઆતથી જોવા મળેલા સ્વાઈનફ્લૂ ઉપર હવે જાણે અંકુશ જોવા મળતો હોય એમ અમદાવાદ શહેરમાં છેલ્લા ૨૪ કલાકમા સ્વાઈનફ્લૂના નવા ૫૯ કેસ નોંધાવા પામ્યા છે જયારે સારવાર લઈ રહેલા દર્દીઓ પૈકી એકનુ મોત થવા પામ્યુ છે.આ અંગેની વિગત એવી છે કે,અમદાવાદ શહેરમાં રાજયના અન્ય ભાગોની સાથે આ માસની શરૂઆતથી જ સ્વાઈનફ્લૂનો કહેર જોવા મળી રહ્યો હતો.લગભગ રોજના ૭૦ નવા કેસ દાખલ થતા જોવા મળી રહ્યા હતા આ સાથે જ રોજ ચારેક જેટલા દર્દીઓ સારવાર દરમિયાન મૃત્યુ પામતા જોવા મળી રહ્યા હતા.અમદાવાદ શહેરમાં આ માસમા જ ૬૭થી વધુ લોકોએ આ રોગના કારણે પોતાના જીવ ગુમાવ્યા છે. બીજી તરફ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના હેલ્થ વિભાગના સૂત્રોમાંથી મળતી માહીતી મુજબ,અમદાવાદ શહેરમાં છેલ્લા ૨૪ કલાકમા સ્વાઈનફ્લૂના નવા ૫૯ કેસ નોંધાવા પામ્યા છે જયારે એકનુ મોત થવા પામ્યુ છે.

શહેરની વિવિધ હોસ્પિટલોમાં ૧૪ દર્દીઓ વેન્ટિલેટર પર છે ૧૧ દર્દી બાયપેપ ઉપર તેમજ ૪૭ દર્દીઓ ઓકસીજન પર અને ૧૫૫ દર્દીઓ સ્ટેબલ છે.અમદાવાદ શહેરની સિવિલમા ૧૫૮ વોર્ડ,સોલા સિવિલમાં ૭૦ વોર્ડ,વી.એસ.હોસ્પિટલમાં ૬૪ બેડ,એલ.જી.હોસ્પિટલમાં ૩૦ બેડ અને શારદાબેન હોસ્પિટલમાં ૪૮ બેડ મળીને કુલ ૩૭૦ બેડ આઈસોલેશન વોર્ડમા તૈયાર રાખવામા આવ્યા છે.

**ક્યારે કેટલા કેસ થયા...**

| માસ | કેસ | મોત |
|---|---|---|
| જાન્યુ. | ૦૧ | ૦૦ |
| ફેબ્રુ. | ૦૭ | ૦૧ |
| માર્ચ. | ૧૯ | ૦૨ |
| એપ્રિલ. | ૧૭ | ૦૬ |
| મે | ૧૪ | ૦૩ |
| જુન | ૧૬ | ૦૨ |
| જુલાઈ | ૬૨ | ૦૬ |
| ઓગસ્ટ | ૧૮૦૮ | ૯૧ |
| કુલ | ૧૮૮૦ | ૧૧૧ |

અક્ષર કેરિયર એકેડેમી - ૮૩૪૭૦ ૩૯૨૫૦
રેવન્યુ તલાટી | બિન સચિવાલય કલાર્ક | બેલીફ
ફ્રી ડેમો કલાસ
૩૧ ઓગસ્ટ /૧,૨,૩ સપ્ટે.
સવારે ૧૦ થી ૧૨/ સાંજે ૭ થી ૯
નીચેના સરનામા સિવાય અમારી કોઈ શાખા નથી
અમારી ફેકલ્ટી અન્ય સંસ્થામાં સેવા આપતી નથી
ડીસા : બીજો માળ, સંકલ્પ-૨ કોમ્પલેક્ષ, SBIની પાસે, હાઇવે રોડ, ડીસા મો.૮૩૪૭૦ ૩૯૨૫૦

**સમસ્યા** ૧૩ ઇંચથી વધુ વરસાદ બાદ ઘણા વિસ્તારો જળબંબાકાર

## મુંબઈમાં વરસાદ વચ્ચે હજુય હાલત કફોડી : છ લોકોના મોત

મુંબઈ

દેશના વાણિજ્ય પાટનગર મુંબઈમાં ૧૩ ઈંચથી વધુ વરસાદ ખાબકી ગયા બાદ સ્થિતિને સામાન્ય બનાવવાના તમામ પ્રયાસ કરવામાં આવી રહ્યા છે પરંતુ હજુ પણ અનેક વિસ્તારો વરસાદી માહોલ વચ્ચે જળબંબાકારની સ્થિતિ છે. મુંબઈની લાઈફલાઈન સમાન ગણાતી લોકલ ટ્રેન સેવા શરૂ કરી દેવામાં આવી છે પરંતુ મોટાભાગની ટ્રેનો મોડેથી દોડી રહી છે જ્યારે ઉત્તર રેલવે દ્વારા મોટી સંખ્યામાં ટ્રેનો રદ કરવામાં આવી છે. ૧૩ ઈંચતી વધુ વરસાદ થયા બાદ અભૂતપૂર્વ સ્થિતિ સર્જાઈ હતી. બ્રિહાન મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશનર અજોય મહેતાએ આજે કહ્યું હતું કે, અભૂતપૂર્વ સ્થિતિ સર્જાઈ હતી પરંતુ હવે સ્થિતિ કાબૂમાં લેવાના પ્રયાસો થયા છે. સ્થિતિ હવે કાબૂમાં છે. મિડિયા સાથે વાતચીત કરતા બીએમસીના કમિશનરે વરસાદને અભૂતપૂર્વ ગણાવ્યો હતો અને કહ્યું હતું કે, પાણીની સપાટી હવે ઘટી રહી છે. જો કે, તેમણે દાવો કર્યો હતો કે, પરિસ્થિતિને હાથ ધરવા માટે શેરીઓમાં બીએમસીના ૩૦ હજાર કર્મચારીઓ લાગેલા છે. આશરે ૧૩ ઈંચ જેટલો વરસાદ થયો હતો જયારે ૨૬ સ્થળો ઉપર વરસાદ ૧૦ ઈંચથી વધુ વરસાદ થયો હતો. મુંબઈમાં જનજીવન સામાન્ય બનાવવાના પ્રયાસ થઈ રહ્યા છે. રેલવે મંત્રાલયનું કહેવું છે કે, વેસ્ટર્ન રેલવે દ્વારા સેવા શરૂ કરી દેવામાં આવી છે. બચાવ અને રાહત કામગીરી યુદ્ધના ધોરણેચાલી રહી છે.

## શ્રદ્ધાંજલિ



સ્વ.ગમનભાઈ માધાભાઈ રબારી
(માજી ચેરમેનશ્રી)
સ્વ.તા.૨૮/૦૮/૨૦૧૭
મુ.કમોડી, તા.લાખણી, જિ.બ.કાં.

સમય જિંદગીમાં ઓછો હશે ક્યાં ખબર હતી ? વિદાય તમારી અણધારી હશે ક્યાં ખબર હતી ? તમારી અચાનક વિદાય કાળજુ કંપાવી ગઈ, દિલ હજુ માનતું નથી કે તમો અમારી વચ્ચે નથી. પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રભુને પ્રાર્થના...

લિ.

**ધી કમોડી દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી.**

ચેલાણા ઢેગાભાઈ મેવાભાઈ : મંત્રીશ્રી
રબારી પ્રવિણભાઈ ગમનભાઈ : ચેરમેનશ્રી, તથા તમામ કમિટી સભ્યશ્રીઓ

## ખીમાણા નજીક જસાલી રોડ ઉપર બોલેરો ગાડી પલટી : ડ્રાઈવરનો આબાદ બચાવ


વિજય સિલ્વા

પ્રતિ. શિહોરી

કાંકરેજ તાલુકાના ખીમાણા-દિયોદર રોડ પર જસાલી નજીક બપોરના સમયે એક બોલેરો ગાડી ખીમાણા થી દિયોદર તરફ જતી હતી ત્યારે ગાડીના ચાલકે સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવતા ગાડી ચોકડીમાં પલટી ગઈ હતી.જો કે ડ્રાઈવરનો આબાદ બચાવ થવા પામ્યો હતો.ધડાકા સાથે ગાડીનો અવાજ સાંભળતા સ્થાનિક લોકોના ટોળા એકઠા થવા પામ્યા હતા.

## ફાફરાળી આંગણવાડીમાં બનાવેલ શૌચાલયના કામમાં ગેરરીતીની રાડ

પ્રતિનિધિ કોતરવાડા

દિયોદર તાલુકાના ફાફરાળી ગામે આવેલી આંગણવાડીમાં બનાવાયેલ શૌચાલયના બાંધકામમાં વ્યાપક ગેરરીતીઓ આચરાઈ હોવાની ફરીયાદો ઉઠવા પામી છે.

રાજ્ય સરકારે આંગણવાડીઓમાં ભણતા માસુમ બાળકોને શૌચ ક્રિયા માટે બહાર જવું ન પડે તે માટે સ્વચ્છતા અભિયાન હેઠળ આંગણવાડીઓમાં શૌચાલય બનાવવા માતબર રકમની ગ્રાન્ટ ફાળવી છે.જે અંતર્ગત ફાફરાળી આંગણવાડીમાં બનેલ શૌચાલયમાં કોન્ટ્રાક્ટરે તલાટીઓ સાથે સાંઠ ગાંઠ રચી હલકી ગુણવત્તાનું કામ કર્યુ હોવાના આક્ષેપો સાથે ઠાકોર ભૂપતજી પોપટજીએ જણાવ્યું હતુ કે શૌચાલયનું બાંધકામ તકલાદી કરાયું છે.શૌચાલય ઉપર પાણીની ટાંકી પણ મૂકી નથી કે રંગરોગાન પણ કર્યું નથી.ટાઈલ્સો પણ હલકી ગુણવત્તાની વાપરી છે.એટલું જ નહી બાળકોને પીવાના પાણીની પરબમાંથી કનેક્શન જોડી દીધું છે.


નટુજી ઠાકોર

જિલ્લા વિકાસ અધિકારી માસુમ બાળકોના હિતમાં આ બાબતે તટસ્થ તપાસ કરાવે તેવો જનમત પ્રવર્તે છે.

## ડીસાના રાજપુર વિસ્તારમાં ત્રણ દિવસથી સ્ટ્રીટ લાઈટો બંધ : પ્રજા પરેશાન

પ્રતિ. રાજપુર

ડીસા નગરપાલિકા વિસ્તારમાં આવેલ રાજપુરમાં લોધવાસથી ખારાકુવા સુધી સ્ટ્રીટ લાઈટો ત્રણ દિવસથી બંધ રહેતા અંધારપટ છવાઈ જતા વરસાદી સિઝનમાં લોકો હેરાન - પરેશાન થઈ ઉઠ્યા છે.

ડીસા રાજપુર વિસ્તારના રહીશો નગરપાલિકા સ્ટ્રીટ લાઈટોના કર ચૂકવે છે. છતાં ત્રણ દિવસથી સ્ટ્રીટ લાઈટ બંધ રહેતા અંધારપટ છવાઈ જાય છે. આ અંગે ડીસા ન.પા.માં રાજપુરના જાગૃત નાગરિકોએ કોર્પોરેટરને તથા પ્રમુખને વારંવાર જાણ કરવા છતાં ત્રણ દિવસથી સ્ટ્રીટ લાઈટો ચાલુ ન થતા સમગ્ર રાજપુર ગામમાં અંધારપટ છવાઈ ગયો છે. સ્ટ્રીટ લાઈટ બંધ રહેતા લોકોને ભારે મુશ્કેલી વેઠવી પડે છે. સ્ટ્રીટ લાઈટ બંધ હોવાને લીધે કેટલાક વૃધ્ધો પાણીમાં તથા ખાડામાં પડી જાય છે ત્યારે કોઈકનો ભોગ લેવાય તે પહેલા તાત્કાલિક રાજપુર વિસ્તારમાં સ્ટ્રીટ લાઈટો ચાલુ કરવામાં આવે તેવી માંગ છે.



જમીલ મેમણ

## ડીસાના રેલ પ્રશ્નો બાબતે ધારાસભ્યએ રેલમંત્રીને પત્રથી રજુઆત કરી

ડીસા

ડીસા વિસ્તારના ધારાસભ્ય ગોવાભાઈ રબારીએ ડીસાના રેલ પ્રશ્નો બાબતે મા.રેલમંત્રી સુરેશ પ્રભુને પત્ર લખીને ડીસાનો રેલ પ્રશ્નો બાબતે રજૂઆત કરેલ છે. ગોવાભાઈ રબારીએ દાદર - બિકાનેર અને બિકાનેર - દાદર ટ્રેન નં.૧૨૪૮૯ - ૧૨૪૯૦ ને ડીસા સ્ટોપેજ મંજુર કરવા તેમજ ભૂજ પાલનપુર લોકલ ટ્રેન નં.૫૯૪૨૫ - ૫૯૪૨૬ અને ગાંધીધામ - પાલનપુર ઈન્ટર સીટી એકસપ્રેસ ટ્રેન નં.૧૯૧૫૧ - ૧૯૧૫૨ બંન્ને ટ્રેનો હાલના સમય પત્રક મુજબ ભૂજ અને ગાંધીધામથી વહેલી સવારે પ્રસ્થાન કરીને બપોર સુધી પાલનપુર આવે છે. અને માત્ર બે કલાકના સમય ગાળામાં પરત ગાંધીધામ ભૂજ રવાના થાય છે તેના બદલે પાલનપુર ગાંધીધામ ઈન્ટરસીટી એકસપ્રેસ ટ્રેનને પાલનપુરથી સવારે પ્રસ્થાન થાય તો બંન્ને ટ્રેનો આવા - જવાથી બંન્ને દિશાએ યાત્રીકોને આવા - ગમન માટે સુવિધા પ્રાપ્ત થશે ડીસા રેલ્વે સ્ટેશને સાંજે એડવાન્સ બુકીંગની સુવિધા પુનઃ ચાલુ કરવા પત્રમાં જાણ કરેલ છે. અત્રે એ નોંધવું જરૂરી છે કે નડીયાદ અને આણંદ બંન્ને સ્ટેશનો વચ્ચે માત્ર ૧૫ કી.મી. નું અંતર છે તેમ છતાં ત્યાંની જાગૃત નેતાગીરીને લીધે તમામ એકસપ્રેસ ટ્રેનો બંન્ને સ્ટેશને રોકાય છે તેની સામે ડીસા - પાલનપુર વચ્ચે ૨૮ કી.મી. નું અંતર છે છતાં સ્ટોપેજ મળતુ નથી.

## વડગામના મજાદરમાં બાબા રામદેવપીરના ત્રિદિવસીય મેળાનો આજથી પ્રારંભ

**બાબાના મંદિરમાં સો વર્ષ જુની મેળાની પરંપરા : શ્રધ્ધાળુઓ પગપાળા આવી નેજા ચઢાવે છે**


સુરેશ અગ્રવાલ

પ્રતિ. છાપી

વડગામ તાલુકાના મજાદર ગામે આવેલું ઉત્તર ગુજરાતનું સુપ્રસિધ્ધ શ્રી બાબા રામદેવપીરના મંદિરે આજથી ત્રિદિવસીય મેળાનો પ્રારંભ થશે બાબાના મેળામાં શ્રધ્ધાળુઓ પ્રતિવર્ષ મોટી સંખ્યામાં ઉમટી દર્શન કરી ધન્યતા અનુભવે છે.

વડગામ તાલુકાના મજાદર ગામે આવેલું શ્રી બાબા રામદેવપીરનું મંદિર સો વર્ષ જુનું પૌરાણીક મંદિર છે. આ મંદિર બ્રિટીશ સરકાર દ્વારા અમદાવાદ - દિલ્હી રેલ્વે લાઈનના નિર્માણ કાર્ય દરમ્યાન નાનું મંદિર હતું તે વખતે રેલ્વે ના નિર્માણ કાર્યમાં રેલ્વે અધિકારીઓને બાબાનો ચમત્કાર થતાં રેલનું નિર્માણ કાર્ય કરતા અધિકારીઓ દ્વારા શ્રી બાબા રામદેવપીરના મંદિરનું નિર્માણ કરી ભવ્ય મંદિર બનાવવામાં આવ્યું હતું શ્રી બાબા રામાપીરના મંદિરે દર ભાદરવીસુદ નોમથી અગીયારસ દરમ્યાન ભવ્ય મેળો ભરાય છે મેળામાં મુંબઈ, અમદાવાદ,બરોડા સહિત રાજસ્થાનથી શ્રધ્ધાળુઓ નેજા ચઢાવવા આવે છે. અને બાબાના દર્શન કરી ધન્યતા પ્રાપ્ત કરે છે. મજાદરમાં આવેલા બાબાના મંદિરનું મહત્વ રાજસ્થાનમાં આવેલ રામદેવરા મંદિર જેટલું જ વિશેષ માનવામાં આવે છે. બાબાના મંદિરે દર મહિનાની સુદ અગીયારસના દિવસે શ્રધ્ધાળુઓ દર્શન માટે ભારે ભીડ જોવા મળે છે.

## તાણા શાંતિનગર સોસાયટીના ભાવિક ભક્તો દ્વારા ગણપતિની પ્રતિમાનું વિસર્જન


યશપાલસિંહ ટી.વાઘેલા

તા.પ્રતિ. થરા

કાંકરેજ તાલુકાના થરા-તાણા રોડ પર આવેલ શાંતિનગર સોસાયટીના રહીશો દ્વારા છેલ્લા પાંચેક વર્ષથી ગણેશોત્સવનું આયોજન કરવામાં આવે છે.જેમાં ચાર ટાઈમ ભોજન પ્રસાદ સંધ્યા કાળે મહાઆરતી, પ્રસાદ અને વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન યુવા ટીમ વડીલોના માર્ગદર્શન હેઠળ કરે છે.શાંતિનગર સોસાયટીના ચોકમાં ગણપતિની ભવ્ય પ્રતિમાનું સ્થાપન કરવામાં આવેલ.આ ઉત્સવમાં પ્રદેશ ભાજપ કિશાન મોરચાના મહામંત્રી કિર્તીસિંહ વાઘેલા, યશપાલસિંહ વાઘેલા, પૂર્વ સરપંચ ગણપતગીરી ગૌસ્વામી, જેઠાભાઈ જોષી, સુરેશભાઈ દરજી, બાબુભાઈ જનસારી, ઈશ્વરભાઈ ગૌસ્વામી, ગોપાલભાઈ જોષી, અશોકભાઈ ઠક્કર, વિશાલ દરજી, કાંતિભાઈ સુથાર, મહેશભાઈ પટેલ, અંબાલાલભાઈ પટેલ(તલાટી), કનુભાઈ પાંડવ, કરશનભાઈ સુથાર, જવાહરભાઈ મહેશ્વરી, પ્રવિણભાઈ ખત્રી, ધર્મેશભાઈ ઠક્કર, સુખદેવભાઈ જોષી, દિનેશભાઈ ઠક્કર, હર્ષદભાઈ જનસારી, ઈશ્વરભાઈ સુથાર, ભરતભાઈ ઠક્કર, વિષ્ણુભાઈ ગૌસ્વામી, વસંતભાઈ ઠક્કર સહિત સોસાયટીના અબાલ વૃધ્ધો સૌ કોઈ ગણેશોત્સવમાં જોડાયા હતા.ગણેશ પ્રતિમાનું વિસર્જન ઢોલ-બેન્ડની સુરાવલી વચ્ચે શોભાયાત્રારૂપે કાઢી વિશ્વેશ્વર ખાતે કરવામાં આવ્યું હતું.પંડિત નંદકિશોર પંચોલીએ ગણેશોત્સવમાં વિધિ વિધાન પૂર્વક ઉજવણી કરાવેલ.

**રેવન્યુ તલાટીઓની સરાહનીય કામગીરી**

## ભાભર તાલુકામાં જમીન ધોવાણ અને પાક નિષ્ફળ કામગીરી ઝડપી બનતા ખેડૂતોમાં આનંદ

**તલાટી કમ મંત્રીઓએ આ કામગીરીનો બહિષ્કાર કરતા રેવન્યુ તલાટીઓએ ખેડુતોના હિતમાં કામગીરી ઝડપી કરી**

તા.પ્રતિનિધિ ભાભર

તાજેતરમાં બનાસકાંઠા જિલ્લા સહિત ભાભર તાલુકામાં ભારે વરસાદ અને બનાસ નદીએ ખેડુતોને મોટું નુકશાન કર્યું હતું. સરકાર દ્વારા ખેડુતોને સહાય આપવા આપત્તિની સહાયનું મોટુ પેકેજ જાહેર કર્યું છે.

ભાભર તાલુકાના ૫૩ ગામોમાં જમીન ધોવાણ અને પાક નિષ્ફળ મોટા પ્રમાણમાં થયું હતું. ખેડુતો દ્વારા પાક નિષ્ફળ અને ખેતીની જમીન ધોવાણના ફોર્મ ભરવામાં આવ્યા હતા. જેમાં ગામના તલાટી કમ મંત્રીઓની સહીઓ આવતી હતી. પરંતુ આ તલાટી કમ મંત્રીઓએ આ કામગીરીનો સામુહિક બહિષ્કાર કર્યો હતો. જેના લીધે ખેડુતોની હાડમારી વધી હતી. તંત્ર દ્વારા આ કામગીરી રેવન્યુ તલાટીઓને સોંપવામાં આવી હતી. ભાભર તાલુકાના તમામ મહેસુલી તલાટીઓ દ્વારા ખુબ જ ટુંકા સમયમાં પાક નિષ્ફળ અને જમીન ધોવાણની કામગીરી કરી હતી. રેવન્યુ તલાટી અને મહેસુલી તલાટીઓની સરાહનીય કામગીરીથી ખેડુતોમાં આનંદની લાગણી જન્મી છે. અત્રે ખાસ ઉલ્લેખનીય છે કે ભાભર તાલુકાના કુલ ૧૨ સેજા છે. તેમાં ૮ સેજાની જગ્યા ભરાયેલ છે. બાકીના ૭ સેજાની જગ્યા ખાલી છે. જેના કારણે તાલુકાના ૫૩ ગામો હોવાથી એક મહેસુલી તલાટી દીઠ ૭ થી ૧૦ ગામોની કામગીરી આવે છે. તેમ છતાં ખેડુતોને આવેલ આપત્તિ સમયે સારી કામગીરી પ્રશંસનીય બની હતી.

## અંબાજી પદયાત્રીઓ માટે ભાભરમાં સેવા કેમ્પ


વનરાજસિંહ રાઠોડ

તા.પ્રતિ. ભાભર

ભાભર-દિયોદર હાઈવે રોડ ઉપર જય અંબે મિત્ર મંડળ અને જેતમાલ રાઠોડ પરિવાર દ્વારા ભાભરમાં દર વર્ષે અંબાજી પદયાત્રીઓનો સેવા માટે કેમ્પ રાખવામાં આવે છે.ભાદરવી પૂનમના મહામેળામાં અંબાજી માતાજીના દર્શન કરવા દુર દુરથી ભક્તજનો પગપાળા યાત્રા કરે છે. ભાભર માંથી પસાર થતાં આવા પદયાત્રીઓની સેવા કરવા ભાભર નજીક ભાભર-દિયોદર રોડ ઉપર સેવા કેમ્પ રાખવામાં આવ્યો છે.જેમા દરબાર યુવકો દ્વારા રાત-દિવસ ખડેપગે સેવા કેમ્પમાં ચા ઠંડા પાણી અને નાસ્તો કરાવીન સેવા કરીને ધન્યતા અનુભવે છે.છેલ્લા ચાર વર્ષથી આ સેવા કેમ્પનું આયોજન કરવામાં આવે છે.સેવા કેમ્પનો સંપુર્ણ ખર્ચ રાઠોડ નાગરજસિંહ નાથુભા દ્વારા કરવામાં આવે છે.ભાભરથી પસાર થતાં પદયાત્રીઓનો સરહદી વિસ્તારમાંથી મોટી સંખ્યામાં ઘસારો રહે છે.

## કાંકરેજના આકોલી ગામે રામાપીર મંદિર ખાતે નેજું ચડાવાયું


વિજય સિલ્વા

પ્રતિ. શિહોરી

કાંકરેજ તાલુકાના આકોલી દરબારગઢમાં આવેલ રામાપીરના મંદિરે ગતરોજ ભાદરવા સુદ-૯ ના પાવન દિવસે દર વર્ષની જેમ ધજા(નેજુ) ચડાવાયું હતું.આ પ્રસંગે ગામના સરપંચ સહિત મોટી સંખ્યામા ધર્મપ્રેમી જનતા હાજર રહીને દર્શન કરી પ્રસાદનો લાભ લીધો હતો.આ પ્રસંગે ઝાલમોર પી.એચ.સી.ના વિપુલભાઈ પ્રજાપતિ દ્વારા સ્વાઈન ફ્લૂના ઉકાળાનું વિતરણ કરાયું હતું. આ રામાપીરનું મંદિર વાઘેલા બાબરસીંગ કમાજીના નિવાસસ્થાને આવેલ છે. જ્યાં વર્ષોની પરંપરા મુજબ ધજા (નેજુ) ચડાવાય છે.આમ આકોલી રામાપીર મંદિર ખાતે નેજાનાં દર્શન કરવા ભારે ભક્તોની ભીડ જોવા મળી હતી.

## લાખણીની લક્ષ્મીપાર્ક સોસાયટીમાં ઈકો ફ્રેન્ડલી ગણપતીની સ્થાપના કરાઈ



પ્રતિનિધિ લાખણી

મૂળ મહારાષ્ટ્રના તહેવાર ગણપતિ મહોત્સવનો છેલ્લા કેટલાક વર્ષોથી બનાસકાંઠા જિલ્લામાં પણ મહિમા વધી રહ્યો છે. તેથી શહેર અને ગામડાઓમાં પણ ગણપતિ મહોત્સવ ધામધૂમથી ઉજવવા લાગ્યો છે. અને અત્યારે ગણપતિ મહોત્સવ દરમિયાન લોકોમાં ઈકો ફ્રેન્ડલી ગણપતી નો ક્રેઝ વધી રહ્યો છે. ત્યારે લાખણીની લક્ષ્મીપાર્ક સોસાયટીમાં ઈકો ફ્રેન્ડલી ગણપતિની સ્થાપના કરવામાં આવી છે. જ્યાં દરરોજ સવાર સાંજ આરતી અને ગણેશ ભગવાનની ઉપાસના બાદ રાત્રે રાસ ગરબાની રમઝટ જામે છે. જેમાં શ્રદ્ધાળુઓ ભાઈઓ અને બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી લક્ષ્મી પાર્ક સોસાયટી દ્વારા આયોજિત ગણપતિ મહોત્સવનો લાભ લે છે.

## ભાદરવી નોમે ગઢ ગ્રામ ના રામદેવ દેવળે નવરંગી નેજા ચઢાવાયા

પાલનપુર

પાલનપુર તાલુકા ના ગઢ ગામે ભાદરવી નોમ નિમીતે ભાવિ ભક્તો દ્વારા રામદેવ દેવળે નવરંગી નેજા ચઢાવવા મા આવ્યા હતા.


સંજય જોષી

ગઢ ખાતે રોહિત. વણકર. તિરગર. સમાજ દ્વારા દરવર્ષ ની જેમ આ વર્ષ પણ ભાદરવી નોમ નિમેતે ગ્રામ મા વાજતે ગ્રાજતે રામદેવપીર ની નેજાયાત્રા યોજવા મા આવેલ બાદ મા લોકમાતા લડબી ના કાંઠે આવેલ બાબા રામદેવ પીર ના મંદિરે નવરંગી નેજા ચઢાવાયા હતા અને નૈવેધ ધરાવાયુ હતું.

આજે નેજાધારી ની નોમ હોય ભાવી ભકતો બાબા ના દર્શને ઉમટી પડતા મંદિર ખાતે મેળા નો માહોલ સર્જાયો હતો.

## ધાનેરામાં ઠેરઠેર ગણપતિ વિસર્જન

તા.પ્રતિ ધાનેરા


એન. કે.મોદી

ધાનેરા ખાતે ગણપતિ બાપા મોરીયાની ધુન સાથે મધુસુદન મોર્કેટ, મધુસુદન પલાઝા, બારોટવાસ, ભીલવાસ, અંબાજી મંદિર, ગાયત્રી સોસાયટી, અંબિકા નગર, પટેલવાસ, ઉમિયાનગર, કૈલાસનગર, જલારામનગર વગેરે તથા લોકોએ પોતાના ઘરે ગણપતિજીની સ્થાપના કરી પૂજા અર્ચના કરી વિશ્વેશ્વર મહાદેવ મંદિરે જઈ નદીમાં પધરાવી પોતાની આસ્થા ગણપતિ દાદા પુરી કરશે તેવી ભાવના સાથે ગણપતિ મૂર્તિનું વિસર્જન કર્યું હતું.

## વડગામ તાલુકા ભાજપ બક્ષીપંચ મોરચાની બેઠક યોજાઈ

તા.પ્રતિ. વડગામ

વિધાનસભા ચૂંટણીમાં સંગઠનના કાર્યમાં સક્રિય થવા માટે વડગામ માર્કેટયાર્ડ ખાતે તા.ભાજપ બક્ષીપંચ મોરચા દ્વારા કારોબારીની બેઠક યોજાઈ હતી.પ્રમુખ રમેશભાઈ ધનરાજભાઈ વળાગાંઠે સ્વાગત પ્રવચન કરી સંગઠન કાર્ય મજબુત કરવા હાકલ કરી હતી.મહામંત્રી જયેશભાઈ રબારીએ સહકારી યોજનાઓ વિશે વિચારો વ્યક્ત કર્યા હતા.રાજુભાઈ ગોસ્વામી નાંદોત્રા, મહામંત્રી ગોવિંદભાઈ ચૌધરી, રાજુભાઈ રાવળ, વિરજીભાઈ ઠાકોર, લક્ષ્મણભાઈ પ્રજાપતિ સહિત તમામ કારોબારી સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

## ભાભરમાં ભાવિપ દ્વારા રાષ્ટ્રીય સમુહગાન સ્પર્ધા યોજાઈ

તા.પ્રતિ. ભાભર


વનરાજસિંહ રાઠોડ

ભારત વિકાસ પરિષદ ભાભર શાખા દ્વારા તા.૨૯/૮/૨૦૧૭ ને સોમવારના રોજ રાષ્ટ્રીય સમુહગાન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.આ કાર્યક્રમમાં ધો-૧૦-૧૨ ની બોર્ડની પરીક્ષામાં પ્રથમ નંબર મેળવનાર વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવ્યું.રાષ્ટ્રીય સમુહગાન સ્પર્ધામાં પ્રાથમિક વિભાગની ત્રણ અને માધ્યમિક વિભાગની પાંચ ટીમોએ ભાગ લીધો જેમાં પ્રાથમિક વિભાગમાં ભાભર જુના પે.કે.શાળા પ્રથમ સ્થાને આવી જ્યારે માધ્યમિક વિભાગમાં સર્વોદય વિદ્યામંદિર હાઈસ્કૂલ પ્રથમ સ્થાન મેળવે છે.

અનુસંધાન પાના નં.૬

## વરસાદી માહોલ વચ્ચે પણ અંબાજી જતા પદયાત્રીકોની આસ્થાને સો-સો સલામ


નરસિંહ દેસાઈ

પ્રતિ. વડાવળ

આદ્યશક્તિમાં અંબાના ચરણમાં શિશ નમાવવા ભાદરવી પૂનમે લાખો ભક્તો પગપાળા અંબાજી જાય છે ત્યારે આજથી મહામેળાનો પ્રારંભ થઈ રહ્યો છે.પરંતુ તે પૂર્વે માર્ગો ઉપર પદયાત્રાળુઓનો પ્રવાહ શરૂ થઈ ગયો છે.વરસાદી માહોલ વચ્ચે પણ 'બોલ માડી અંબે જય જય અંબે' ના નાદ સાથે પદયાત્રિકોનો પ્રવાહ અંબાજી તરફ આગળ વધી રહ્યો છે.ત્યારે ઠેર ઠેર વિસામા કેમ્પો પણ શરૂ થયા છે.અંબાજીના માર્ગો પર સૌ કોઈ શ્રધ્ધા અને ભાવ સાથે ઘરેથી નીકળી અંબાજીના માર્ગો પર ચાલતા દષ્ટીગોચર થાય છે ત્યારે આવા શ્રધ્ધાળુઓની આસ્થાને સો-સો સલામ.

## વડગામમાં લોકોએ મનકી બાત કાર્યક્રમ નિહાળ્યો

તા. પ્રતિનિધિ વડગામ


પુષ્કર ગૌસ્વામી

ગત રવિવારે પ્રધાનમંત્રી નરેન્દ્રમોદી દ્વારા યોજાયેલ 'મનકી બાત' કાર્યક્રમ ગ્રહણ કરવા તા. ભાજપ મોવડી મંડળના પદાધિકારીઓ વરવાડીયા રોડ, લક્ષ્મણપુરામાં ઉપસ્થિત રહ્યા હતા.

તા. ભાજપ પ્રમુખ પ્રવિણસિંહ રાણા માર્કેટયાર્ડ ચેરમેન કે.પી ચૌધરી પૂર્ણકાલિન વિસ્તારક કનુભાઈ પરમાર (મેઘરજ) તા. મહામંત્રી ગોવિંદભાઈ ચૌધરી તા. કિસાન મોરચા પ્રમુખ કાંનજીભાઈ જી. ધુળીયા પૂર્વ જિલ્લા મહામંત્રી ગજેન્દ્રભાઈ એન. સકસેના, જિ.પં.સીટ ઈનચાર્જ લાલજીભાઈ ચૌધરી (પરખડી) ડે. સરપંચ પરબતખાન બિહારી, એપીએમસી સેક્રેટરી માંધજીભાઈ ધુળીયા આરએસએસ અગ્રણી ભરતસિંહ સિસોદીયા, સતિષભાઈ ભોજક,

અનુસંધાન પાના નં.૬


### અમારા કહ્યામાં નથી



મારો પુત્ર સુજલકુમાર અરવિંદભાઈ જોષી અમારા કહ્યામાં નથી. આથી સર્વને જાણ કરવામાં આવે છે કે ઉપરોકત ફોટાવાળો મારો પુત્ર સુજલ અમારા કહ્યામાં નથી. તો તેમની સાથે કોઈએ પણ કોઈપણ જાતનો આર્થિક નાંણાકીય વ્યવહાર કરવો, કરાવવો નહીં જો વ્યવહાર કરવામાં આવશે તો અમારી કોઈપણ જાતની જવાબદારી રહેશે નહીં તેમજ મારી મિલકતમાં તેમનો કોઈપણ જાતનો હક્ક, દાવો રહેશે નહીં. જેની સર્વેએ નોંધ

લિ. નર્મદાબેન (નીરૂબેન)અરવિંદકુમાર જોષી
ઢુંઢીયાવાડી, પાણીની ટાંકી સામે,પાલનપુર
મો. ૯૩૭૭૯૪૬૧૮૨



### ધાનેરા નગરપાલિકા
### ઓન લાઈન ટેન્ડર
### જાહેર નિવિદા - ૨૦૧૭
**(ત્રીજો પ્રયત્ન)**

નગરપાલિકા ધાનેરા દ્વારા ૧૪ મા નાણાપંચની ગ્રાન્ટમાં લેવામાં આવેલ પાણી-પુરવઠા શાખામાં પાઈપ લાઈનની કામગીરી જેની અંદાજીત કિંમત રૂા. ૫.૩૦ લાખ માટે માન્ય ઈજારદારશ્રીઓ પાસેથી કામના ભાવો ઓન લાઈન મંગાવવામાં આવે છે. વિગતવાર નોટીસ વેબસાઈડ http://nprocure.com ઉપર તા. ૭-૯-૨૦૧૭ અને ત્યારબાદ જોઈ શકાશે અને ડાઉનલોડ કરી શકાશે. ધાનેરા નગરપાલિકા તમામ ટેન્ડરો સ્વીકારવા કે રિજેકટ કરવા અંગેનો પોતાનો અધિકાર અબાધિત રાખે છે. હાર્ડકોપીમાં કામનું નામ તથા ડોકયુમેન્ટ સ્વીકારવાની છેલ્લી તારીખ સ્પષ્ટ અક્ષરમાં લખવાની રહેશે.

| અનુ.નં. | વિગત | તારીખ |
|---|---|---|
| ૧. | ટેન્ડર ડોકયુમેન્ટ ડાઉનલોડ તારીખ | તા. ૭-૯-૨૦૧૭ થી તા. ૧૪-૯-૨૦૧૭ ના રોજ ૧૮.૦૦ કલાક સુધી |
| ૨. | ટેન્ડર ઓન લાઈન સબમિશન | તા. ૧૪-૯-૨૦૧૭ ના રોજ ૧૮-૦૦ કલાક સુધી |
| ૩. | ટેન્ડર ફી, ઈએમડી (બાનામુક્તિ પ્રમાણપત્ર માન્ય રહેશે નહિં) અને અન્ય દસ્તાવેજો હાર્ડ કોપીમાં ચીફ ઓફિસર, નગરપાલિકા ધાનેરાના નામે સીલબંધ કવરમાં આર.પી.એ.ડી/સ્પીડ પોસ્ટથી રજુ કરવાની તારીખ. | તા. ૧૮-૯-૨૦૧૭ |
| ૪. | ટેન્ડર ઓપનીંગ | તા. ૧૯-૯-૨૦૧૭ |

આ કામની વિગતો કામકાજના દિવસો દરમ્યાન ઉપરોકત કચેરીનો સંપર્ક સાધવાથી મળી શકશે.

જીગર પટેલ, મુખ્ય અધિકારી, નગરપાલિકા ધાનેરા
ઈન્દુબેન આર. જોષી, ચેરમેન, પાણી-પુરવઠા સમિતિ, નગરપાલિકા ધાનેરા
જગદીશભાઈ પી.ઠક્કર, ઉપપ્રમુખ, નગરપાલિકા ધાનેરા
આશાબેન એન.પટેલ, પ્રમુખ, નગરપાલિકા ધાનેરા

## તંત્રી સ્થાનેથી ...

### પરવશતા એ પણ એક પ્રકારનું નર્ક છે.

# ઔદ્યોગિક કચરો નદીઓમાં બેરોકટોક

ભાજપ સરકારના એજન્ડામાં ગંગા નદીની સફાઈ એ સર્વોચ્ચ પ્રાથમિક્તા ધરાવતો મુદ્દો છે. મોદી સરકારે આ માટે ખાસ મંત્રાલય ઉભું કરીને તેની જવાબદારી સાધ્વી ઉમા ભારતીને સોંપી છે. આ પહેલા સરકારે અબજો રૂપિયા ખર્ચી નાખ્યા છે પણ ગંગા- યમુના જેવી નદીઓની ગંદકી દૂર થઈ નથી તે વાત વર્તમાન સરકારે યાદ રાખીને આ નદી સફાઈ યોજનાને મૂર્ત સ્વરૂપ આપવું રહ્યું. ગંગા અને યમુના જેવી પવિત્ર મનાતી નદીઓમાં ભક્તજનો પુજા સામગ્રી વગેરે નાખે છે અને લોકો મૃતદેહોના નદી કાંઠે અગ્નિ સંસ્કાર કરીને અસ્થી અને રાખ પણ નદીમાં નાખે છે તેથી નદી ગંદી બને જ છે પણ તે કરતાં ય વધુ ગંદકી આ નદીઓના કાંઠે આવેલા ઔદ્યોગિક એકમો ફેલાવે છે. આ એકમો ઔદ્યોગિક કચરો નદીઓમાં બેરોકટોક ઠાલવે રાખે છે. આ પહેલાની કોઈ સરકારે આ માટે વિચાર્યું નથી. વર્તમાન સરકારે ૭૬૪ જેટલા ઔદ્યોગિક એકમોને નોટીસ જારી કરીને ૩૧મી માર્ચ પહેલાં સેસર્ન્સ લગાડવા જણાવ્યું છે.

જો કે સુપ્રીમ કોર્ટને વર્તમાન સરકારની આ ક્ષેત્રની કામગીરી પ્રત્યે સંતોષ નથી. સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકાર અને રાજ્ય પ્રદુષણ બોર્ડને ફટકાર લગાવીને નદીઓમાં ગંદકી ઠાલવી રહેલા ઔદ્યોગિક એકમો સામે કડક કાર્યવાહી કરવાનો નિર્દેશ આપ્યો છે. આ કડક કાર્યવાહી એટલે નદી કાંઠે આવેલા ઉદ્યોગોને તાળાં મારવા જેવો માનવામાં આવ્યો છે. સુપ્રીમ કોર્ટની લાલ આંખ પછી સરકારે નદી સફાઈની પોતાની યોજનાને વધુ સઘન બનાવવી રહી. સુપ્રીમ કરોટની નજરે તેમાં કચાસ છે. આ કચાસ શું દર્શાવાઈ છે તેની વિગતો નથી મળી પણ કોર્ટને સરકારની આ ક્ષેત્રની કામગીરીથી સંતોષ નથી તે સ્પષ્ટ છે. નદીઓ-ખાસ કરીને ગંગા-યમુના જેવી પવિત્ર નદીઓની ગંદકી અંગે સુપ્રીમ કોર્ટ સહિત તમામ દેશવાસીઓ ચિંતિત છે. અલબત દેશવાસીઓ જેટલા ચિંતિત છે એટલા આ દિશામાં ગંભીર નથી. નહીંતર શા માટે તેઓ દાયકાઓથી નદીઓ પરના ઔદ્યોગિક એકમો ચલાવી લેતા આવ્યા હોય ? શામાટે તેની સામે આંદોલન ચલાવવામાં નથી આવ્યું ? આ નદીઓ સાથે દેશવાસીઓની ધાર્મિક ભાવના જોડાયેલી છે છતાં નવાઈની વાત છે કે, નદીની પવિત્રતા આ ઉદ્યોગોના કારણે જળવાતી નથી. છતાં ખાસ કરીને હિન્દુઓ અને તેની હામી સંસ્થાઓ ચૂપ છે.

જો નદીઓ પરના ઔદ્યોગિક એકમોને હટાવી લેવામાં આવે- તેનો રાસાયણિક સહિતનો કચરો નદીમાં ઠાલવવાનું બંધ થાય તો પણ શ્રદ્ધાળુઓ દ્વારા પુજા સામગ્રી જેવી વસ્તુઓ નદીમાં પધરાવાતી હોય તે તો નદીના વેગમાં જ તણાઈ જાય. નદી પોતામાં જ પોતાની ગંદકી સાફ કરવાની પ્રબળ શક્તિ હોય છે પણ ઔદ્યોગિક ગંદકીને નદીનો વેગવંતો પ્રવાહ પણ પહોંચી વળી શકતો નથી.એટલે જ અદાલતે આ ઔદ્યોગિક એકમોને તાળા મારવા જેવો નિર્દેશ આપ્યો છે. એથી સરકાર માટે પણ રસ્તો સરળ બનશે. મૃતદેહોના અગ્નિસંસ્કાર અને અસ્થી તથા રાખની પધરામણી નદીઓમાં સદીઓથી થતી આવી છે. જે નદીના ભારે પ્રવાહમાં તણાઈ જતી રહી છે. જો કે હવે વધતી જતી વસ્તીની સાથે એનું પણ પ્રમાણ ભારે વધી ગયું છે. એટલે તેના પર પણ નિયંત્રણ જરૂરી બની જાય છે. કાશીમાં તો મૃતદેહો અડધા બળે ન બળે કે નદીમાં પધરાવી દેવાય છે. એ સ્થિતિ પણ સુધારવાની જરૂર છે. નદીકાંઠે ઔદ્યોગિક એકમોની મંજુરી આપવાનું બંધ કરી દેવાય અને વર્તમાન ઉદ્યોગોને અન્યત્ર હટાવી દેવાય તો નદી સફાઈ પાછળ સરકારને અબજો રૂપિયા વાપવરાની પણ જરૂર નહીં પડે. એટલે જ કદાચ અદાલતે આ ઔદ્યોગિક એકમો સામે કડક પગલાનો નિર્દેશ આપ્યો હશે. ઔદ્યોગિક એકમો રોજગારી માટે જરૂરી હશે પણ તે પર્યાવરણના ભોગે મંજુર ન રાખી શકાય. આ ઉદ્યોગોને નદીથી લઈ જવાય તો ત્યાં પણ તે રોજગારી પુરી પાડી શકશે અને ઉત્પાદન પણ કરી શકશે. તેમના માટે જરૂરી પાણીની વર્તમાન વ્યવસ્થાનો વિકલ્પ સરકારે વિચારવો રહ્યો. ખેતરો સુધી નહેરો પહોંચી હોય તો ઉદ્યોગો સુધી પણ પહોંચાડી શકાય. ખાસ કરીને ગંગા અને યમુના જેવી પવિત્ર ને મોટી નદીઓ પર બંધો બાંધવાની નીતિની પણ પુનઃવિચારણા કરવી જોઈએ. બંધોથી નદીના પ્રવાહના વેગ ધીમા પડી જાય છે તેથી કચરો તણાઈ જતો નથી અને જે તે સ્થળે સંગ્રહાતો જાય છે અને સડતો જાય છે.

## ડિક્સન ટેક્નોલોજિસ (ઈન્ડિયા) લિ.નું પ્રારંભિક જાહેર ભરણું ૦૬ સપ્ટે.૧૭ના રોજ પ્રત્યેક રૂ.૧૦ના ફેસ વેલ્યુના ઈક્વિટી શેર માટે રૂ. ૧,૭૬૦ - રૂ. ૧,૭૬૬ના પ્રાઈસ બેન્ડ માટે ખુલશે




અમદાવાદ

ડિક્સન ટેક્નોલોજિસ (ઇન્ડિયા) લિમિટેડ ("કંપની"), ભારતમાં વિકસિત સ્વદેશી કંપની છે, જે ડિઝાઇન-ફોક્સ્ડ અને સોલ્યુશન્સની સૌથી મોટી ભારતીય કંપની૧, અને લાઈટિંગ ઉત્પાદનો, એલઈડી ટીવી અને સેમી ઓટોમેટિક વોશિંગ મશીન્સ ક્ષેત્રે ઓરિજિનલ ડિઝાઇન મેન્યુફેક્ચરર ("ઓટીએમ")૧ છે. તેનું પ્રારંભિક જાહેર ભરણું લાવશે. ("આઈપીઓ" અથવા "ઓફર"), જે ૦૬ સપ્ટેમ્બર ૨૦૧૭ના રોજ ખુલશે અને ૦૮ સપ્ટેમ્બર ૨૦૧૭ના રોજ બંધ થશે, જેમાં કંપનીના રૂ. ૧૦ની મૂળ કિંમતના દરેક ઈક્વિટી શેર્સ ("ઈક્વિટી શેર્સ") માટે પ્રાઈસ બેન્ડ રૂ. ૧,૭૬૦ - રૂ. ૧,૭૬૬ની રહેશે. એન્કર ઈન્વેસ્ટર્સ માટે બિડ/ઓફર ખુલવાની તારીખ ૦૫ સપ્ટેમ્બર ૨૦૧૭ રહેશે જે ઓફર ખુલવાની તારીખ કરતાં કામકાજના એક દિવસ અગાઉની રહેશે.ઓફરમાં કંપની વતી કંપનીના રૂ. ૬૦૦ મિલિયન સુધીનું ભંડોળ એકત્રિત કરતા નવા ઈક્વિટી શેર્સ અને વેચાણકર્તા શેરહોલ્ડર્સ તરફથી ઓફર ફોર સેલ અંતર્ગતના ૩૦,૫૩,૬૭૫ જેટલા ઈક્વિટી શેર્સ સામેલ છે. આ ઓફર સિક્યોરિટિઝ કોન્ટ્રાક્ટ્સ (નિયમનો) નિયમો, ૧૯૫૭ના નિયમ ૧૯(૨)(બી)ઁ() અંતર્ગત, તેના સમયાંતરે સુધારા અનુસાર ("એસસીઆરઆર") એવી શરતો મુજબ કરવામાં આવી રહી છે કે ઓફર પ્રાઈઝ પ્રમાણે ગણતરી કરતા, રૂ. ૪,૦૦૦ મિલિયન સમકક્ષ ઓફર પછીના કંપનીના ઈક્વિટી પેઈડ અપ શેર કેપિટલનો એટલો હિસ્સો રહે, જે ઓફર પ્રાઈઝ પ્રમાણે ગણતરી કરતાં, ઓફર પછીના કેપિટલ મુજબ રૂ. ૧૬,૦૦૦ મિલિયનથી વધારે રહે પણ રૂ. ૪૦,૦૦૦ મિલયન જેટલો અથવા તેનાથી ઓછો રહે. આ ઓફર બુક બિલ્ડિંગ પ્રોસેસ અંતર્ગત કરવામાં આવી રહી છે, જે સેબી આઈસીડીઆરનાં નિયમનો ૨૬(૧) સાથે સુસંગત છે, જે મુજબ ઓફરનો ૫૦% હિસ્સો ક્વોલિફાઈડ ઈન્સ્ટિટ્યુશનલ બાયર્સ ("ક્યુઆઈબી") ("ક્યુઆઈબી હિસ્સો")ને પ્રમાણસર ફાળવવામાં આવશે, એ શરતે કે કંપની શરૂર પડ્યે બીઆરએલએમ્સ સાથેની સંતલસના આધારે, ક્યુઆઈબી હિસ્સાનો ૬૦% સુધીનો હિસ્સો એન્કર ઈન્વેસ્ટર્સને પોતાની મુનસફી પ્રમાણે ફાળવશે ("એન્કર ઈન્વેસ્ટર્સનો હિસ્સો"), જેમાંનો એક તૃતિઆંશ હિસ્સો એ શરતે સ્થાનિક મ્યુચ્યુઅલ ફંડસ માટે આરક્ષિત રહેશે કે તેમના તરફથી એન્કર ઈન્વેસ્ટરની ફાળવણીની કિંમત અથવા તેથી વધુ કિંમતે બિડ્સ પ્રાપ્ત થાય.

**'રખેવાળ' ના આ પાના ઉપર પ્રસિધ્ધ થતી વિગતો અને લેખો જે તે લેખકના વ્યકિતગત મૌલિક વિચારો ઉપર આધારીત હોય છે. તેની સાથે તંત્રી-સંપાદક સહમત નથી. જે તે વિગતો અને લેખોની સંપૂર્ણ જવાબદારી લેખકોની જ રહેશે.**

## રિઝવાન આડતિયા ફાઉન્ડેશન ૪૪ વરિષ્ઠ નાગરીકોને નિશુલ્ક ઈન્ટરનેશનલ ટ્રીપનો અનુભવ કરશે

રિઝવાન આડતિયા ફાઉન્ડેશન ફોર સોશ્યલ એન્ડ કલ્ચરલ ડેવલપમેન્ટ(આરએએફએસસીડી)દ્વારા ૪૪ વરિષ્ઠ નાગરિકો માટે નિ:શુલ્ક આંતરરાષ્ટ્રીય સફરનું આયોજન થઈ રહયું છે.આ સમૂહ પ્રથમવાર આંતરરાષ્ટ્રીય સફરનો અનુભવ કરશે.૧૦થી૧૭ સપ્ટેમ્બર,૨૦૧૭ સુધીની આઠ દિવસની સફર દરમિયાન વરિષ્ઠ નાગરિકો સિંગાપોર અને મલેશિયાની યાત્રા કરશે અને ક્રુઝ દ્વારા દરિયાઈ સફરનો પણ આનંદ લેશે.(આરએએફએસસીડી) એ રિઝવાન આડતિયા ફાઉન્ડેશન (આરએએફ) નું સહાયક અંગ છે. આએએફએસસીડી પૂરતા પ્રમાણમાં મનોરંજક પ્રવૃત્તિઓ પુરી પાડી વરિષ્ઠ નાગરિકોના જીવનની ગુણવત્તામાં વધારો કરવાની દિશામાં પરિશ્રમથી કાર્ય કરે છે. આરએએફએસસીડી સપ્ટેમ્બર મહિનાને વૃદ્ધો માટે સમર્પિત માસ તરીકે મનાવી રહયું છે.સીનીયર સિટીઝન્સ ઈન્ટરનેશનલ ટુર એ એક મનોરંજક યાત્રા છે કે જેનું આએએફએસસીડી દ્વારા ગુજરાતના પોરબંદર,રાજકોટ,સુરત અને જુનાગઢ જિલ્લાના વરિષ્ઠ નાગરિકો અને વિશેષ દંપતિઓ માટે આયોજન થયેલ છે.વરિષ્ઠ નાગરિકો માટે વિશેષ રૂપથી આયોજિત ભાવનવંદન કાર્યક્રમમાં સામેલ થયેલ ૬૫૦ પ્રતિભાગીઓ પૈકી,૪૪ વડીલોને લકી ડ્રો ના માધ્યમથી સિંગાપોર અને મલેશિયાની આઠ દિવસની આંતરરાષ્ટ્રીય યાત્રામાં લઈ જવા માટે પસંદ કરવામાં આવેલ.

આએએફએસસીડીના સંસ્થાપક વડા શ્રીમાન રિઝવાન આડતિયાએ વડીલોની એકલતાની વેદનાને સમજી અને ૧૪ સપ્ટેમ્બરે પોતાના જન્મદિવસના અવસર પર ૪૪ વરિષ્ઠ નાગરિકોને નિ:શુલ્ક આંતરરાષ્ટ્રીય સફર પર લઈ જવાનો નિર્ણય કર્યો છે.આરએએફએસસીડી એક બિન-નફાકારક પહેલ છે કે જે વિવિધ મનોરંજક પ્રવૃત્તિઓ પૂરી પાડી વડીલોની જીવનની ગુણવત્તા વધારવા માટે ઉત્સાહપૂર્વક કામ કરે છે,આ ફકત એક શરૂઆત છે આરએએફએસસીડી ઝડપથી અને નિશ્ચિતપણે આપણા દેશના તમામ વરિષ્ઠ નાગરીકો સુધી પહોંચી રહી છે.

## મોટોરોલા દ્વારા મોટો G5s અને G5s પ્લસની રજુઆત




મોટોરોલા દ્વારા ૫પજ અને ૫પજ પ્લસની રજુઆત કરવામાં આવી ડયુઅલ રિયર કેમેરાઝ સાથે મોટો G5s પ્લસ ૨૯ ઓગસ્ટ,૨૦૧૭ના રાત્રે ૧૧.૫૯ વાગ્યાથી રૂ.૧૫,૯૯૯ માં ઉપલબ્ધ મોટો G5s અગ્રણી મોબાઈલ રિટેઈલ સ્ટોર્સ,મોટો હબ્સ અને અમેઝોન ખાતે રૂ.૧૩,૯૯૯ માં ઉપલબ્ધ મોટો G5s માં વધુ ધાતુ બેટરી,ફેઝ ડિટેકશન ઓટોફોકસ (પીડીએએફ) સાથે હાઈ રિઝોલ્યુશન ૧૬ એમપી કેમેરા,૧૩.૨ સેમી (૫.૨ )ફુલ એચડી ડિસ્પ્લે,૧૦૮૦ પી મનોરંજનને પણ જીવંત બનાવે છે. 1.4GHz કવેલ્કોમ સ્નેપડ્રેગન ઓક્ટા-કોર પ્રોસેસર,નાઈટ ડિસ્પ્લે અને કિવક રિપ્લાય જેવા નવા મોટો અનુભવો પણ છે.ભારતમાં મોટો હબ્સ: ગ્રેટ ઈન્ડિયા પ્લેસ નોઈડા,લોજિક્સ મોલ ,નોઈડા,શિપ્રા મોલ, ઈન્દિરાપુરમ,એકસપીરિયા મોલ ડોંબિવલી, મુંબઈ,કોરમ મોલ થાણે, મુંબઈ અને વિવિયાના મોલ, થાણે, મુંબઈ ખાતે છે.લોન્ચ ઓફર્સ મોટો ૫પજ પ્લસ અમેઝોન પર છે.જેમાં જિયો ઓફર,બંડલ ઓફર,કિંડલ ઓફર, બધાં ક્રેડિટ કાર્ડસ પર નો કોસ્ટ ઈએમઆઈ વગેરે ઓફરો છે.



**ગણેશ મિત્ર મંડળ દ્વારા અમદાવાદ માં પ્રથમ હાઈટ્સ નારોલ ખાતે સાર્વજનિક ગણેશોત્સવનું આયોજન કરાયુ છે જેમા ભાવિકો ઉમંગભેર ભાગ લે છે.**

## એમઆરએફ દ્વારા લક્ઝરી અને પ્રિમિયમ રેન્જના પેસેન્જર કાર ટાયર્સ પરફિન્ઝાની રજૂઆત



ચેન્નઈ

ભારતની વિશાળ ટાયર મેન્યુફેક્ચરીંગ કંપની એમઆરએફ લિમિટેડે આજે ભવ્ય સમારંભમાં ટાયર્સની લક્ઝરી અને પ્રિમિયમ રેન્જ પરફિન્ઝાની રજૂઆત કરી હતી. જેમાં તેના ગ્લોબલ બ્રાન્ડ એમ્બેસેડર એ બી ડી વિલિયર્સ સાથે ટોપ મેનેજમેન્ટે હાજરી આપી હતી.એમઆરએફના પરફિન્ઝા દ્વારા પ્રથમ વિશિષ્ટતા એ પ્રાપ્ત કરાઈ છે કે તે કોઈ અગ્રણી ગ્લોબલ લક્ઝરી કાર મેન્યુફેક્ચરર દ્વારા માન્ય કોઈ ભારતીય કંપની દ્વારા બનાવાયેલા પ્રથમ ટાયર છે. આ એમઆરએફના સતત આરએન્ડડી અને તેની ૯ મેન્યુફેક્ચરીંગ સુવિધાઓમાં કરાતા રોકાણથી શક્ય બન્યું છે.

પરફિન્ઝા ટાયર્સની નવી રેન્જ સાથે, એમઆરએફ હવે લક્ઝરી અને પ્રિમિયમ વ્હીકલ સેગમેન્ટ માટે વધારાની પ્રોડક્ટ્સ ઓફર કરી રહી છે. આ ટાયર્સ પ્રારંભિક રીતે ભારત માટે રજૂ કરાયા છે અને તેના પછી અન્ય ગ્લોબલ માર્કેટ્સ માટે રજૂ કરાશે.એમઆરએફ દ્વારા પરફિન્ઝાને એમઆરએફ આરએન્ડડી દ્વારા વિકસિત કરવામાં આવ્યું છે અને લક્ઝરી અને પ્રિમિયમ સેડાન કાર્સ માટે વ્યાપક પરીક્ષણો કરાયા છે અને તેને અનુરૂપ બનાવવામાં આવેલ છે. ભીની તથા સૂકી સ્થિતિઓ એમ બંનેમાં વ્યાપક પરીક્ષણો ભારત, જર્મની તથા યુરોપના સૌથી વ્યાપક સ્વતંત્ર ટેસ્ટીંગ સેન્ટર સ્પેનના બાર્સિલોના ખાતેના ગ્રાઉન્ડમાં કરાયા હતા.

ભારતમાં ૬૦થી વધુ લક્ઝરી અને પ્રિમિયમ કાર્સ માટે હાલ હાઈ સ્પીડ રેટેડ ટાયર્સ પરફિન્ઝા રેન્જ ઉપલબ્ધ છે જે ભારતભરમાં ખાસ તાલીમબદ્ધ એમઆરએફ ટાયરટોક એન્ડ ટીએન્ડએસ શોરૂમ્સના નેટવર્ક દ્વારા સહયોગ પ્રાપ્ત કરે છે. આ ટાયર્સ સિલિકા આધારિત 'ગ્રીન ટાયર ટેકનોલોજી' સાથે અસંતુલિત ટ્રેડ પેટર્ન ધરાવે છે અને તે ગ્રાહકોને સંતુલિત સવારી, હેન્ડલીંગ, ટ્રેક્શન અને અંકુશ તમામ પ્રકારના હવામાનની સ્થિતિમાં આપે છે.

## ટીવીએસ મોટર કંપનીએ હિમાલિયન હાઈ સિઝન ૩ માટે રાઈડર્સના ફાયનલ લિસ્ટની ઘોષણા કરી



અમદાવાદ

ટીવીએસ મોટર કંપનીએ હિમાલિયન હાઈ સિઝન ૩ માં ભાગ લેનાર અને રાઈડ કરાનાર ૧૨ રાઈડર્સના નામની ઘોષણા કરી છે. પસંદ કરાયેલ રાઈડર્સ ટીવીએસ ઝેસ્ટ ૧૧૦ સીસીના સ્કૂટર પર હિમાલયનો પ્રવાસ શરૂ કરશે અને હેટ ટ્રિક માટે દાવો કરશે. હિમાલિયન હાઈ સીઝન ૨ માં ૧૧ મહિલા રાઈડર્સે બન્યા જેઓએ ટીવીએસ ઝેસ્ટ ૧૧૦ સીસી સ્કૂટર પર શક્તિશાળી ખારડુંગ લા ચડાઈ કરનાર એક માત્ર મહિલાઓના જુથ તરીકે ઈન્ડીયા બુક ઓફ રકોર્ડમાં સ્થાન મેળવ્યું હતું.હિમાલિયન હાઈની બે સફળ સીઝન બાદ, ટીવીએસ મોટર કંપનીએ સીઝન ૩ માટેની પસંદગી પ્રક્રિયા જુલાઈ ૨૦૧૭ માં શરૂ કરી હતી. આકરી પસંદગી પ્રક્રિયામાં મૂલ્યાંકનના કેટલાય રાઉન્ડ શારીરિક સ્વાસ્થ્ય અને મનોવૈજ્ઞાનિક સ્થિતિ પર કેન્દ્રીત હતા કારણ કે આવી રાઈડમાં પ્રકૃતિના આવા કઠિન પડકારોનો સામનો કરવાનો હોય છે. આ પસંદ કરાયેલ રાઈડર્સને સુરક્ષા પ્રદાન કરી અને ટીવીએસ રેસિંગ ટીમના લોકોનો સમાવેશ કરતી નિષ્ણાંતો ટીમ દ્વારા રાઈડિંગની તાલિમ આપવામાં આવશે. હિમાલિયન હાઈએ દેશના યુવામાં હંમેશા ખુબ રસ જગાડયો છે, સીઝન ૩ માં ૧,૦૦,૦૦ કરતા વધારે ઈન્કવારીઓ (અરજીઓ) મળી છે. આ વર્ષે રજીસ્ટ્રેશન બધા માટે ખુલ્લા રાખવાની લોકપ્રિય માંગને ધ્યાનમાં રાખતા, સીઝન ૩ માં પૂરૂષ રાઈડર્સ રાઈડમાં જોડાતા તે મોટી હશે તેવું અનુમાન છે.હિમાલય હાઈ સીઝન ૩ નો પ્રારંભ સપ્ટેમ્બર ૨૦૧૭ના પ્રથમ સપ્તાહમાં હિમાચલ પ્રદેશના મંડી ખાતે ફલેગ ઓફ સાથે થશે.

## બ્રિજસ્ટોન ઈન્ડિયાની બ્રાન્ડ એમ્બેસેડર તરીકે બેડમીન્ટન પ્લેયર પી.વી.સિન્ધુની જાહેરાત




વિશ્વની અગ્રણી ટાયર અને રબર કંપની બ્રિજસ્ટોન ઈન્ડિયા તથા દુનિયાભરમાં ઓલમ્પિક પાર્ટનરે ઓલમ્પીક સિલ્વર મેડલ વિજેતા બેડમીન્ટન પ્લેયર પી.વી. સિન્ધુ ને બ્રિજસ્ટોનની પ્રથમ એમ્બેસેડર જાહેર કરી છે. ત્રણ વર્ષના કરાર મુજબ મિસ સિંન્ધુ બ્રિજસ્ટોનના વર્લ્ડવાઈડ ઓલમ્પીક પાર્ટનરશીપ અંતર્ગત કાર્યરત રહેશે. સિન્ધુ દુનિયાની અગ્રણી પ્રોફેશન બેડમીન્ટન પ્લેયર છે જેણે તાજેતરમાં જ વર્લ્ડ બેડમીન્ટન ચેમ્પિયનશીપમાં સિલ્વર મેડલ જીત્યો છે. તે પદ્મશ્રી મેળવનાર પ્રથમ ભારતીય મહીલા છે જેણે ઓલમ્પીક ગેમ્સ રિયો ૨૦૧૬માં સિલ્વર મેડલ જીત્યો છે. અમે કુ.પી.વી.સિન્ધુ ને બ્રિજસ્ટોન ઈન્ડિયાના બ્રાન્ડ એમ્બેસેડર જાહેર કરતા ખુશ છીએ અને અમે તેમને ટીમ બ્રિજસ્ટોનમાં આવકારીએ છીએ. તેની સફર તેની સંકલ્પતા અને તેની દઢતાનુ ઉદાહરણ છે. જે યુવાઓને તેમના સપના સાકાર કરવા પ્રેરણા આપે છે.

# આઈએફએટી ઈન્ડીયા ૨૦૧૭ માટે અમદાવાદ સુસજ્જ

અમદાવાદ

આઈએફએટી ઈન્ડીયા ૨૦૧૭ ૨૬મીથી ૨૮મી સપ્ટે. સુધી ગોરેગાંવના બોમ્બે કન્વેન્શન એન્ડ એકઝીબીશન સેન્ટરમાં યોજાશે. હૈદ્રાબાદમાં સફળ શુભારંભ પછી આયોજકો વિવિષ પર્યાવરણીય મુદાઓ વિશે જાગૃતી ફેલાવવા માટે ટ્રેડ શોની પ્રમોશનલ ટુર માટે ૩૦ ઓગ.૧૭ ના રોજ અમદાવાદ ખાતે થોભશે.

આઈએફએટી ઈન્ડીયા ૨૦૧૭ ત્રણ દિવસનો ટ્રેડ શો છે. જેમાં ૧૮ દેશમાંથી ૧૭૦ થી વધુ સહભાગીઓ ભાગ લેવાની ધારણા છે. બજાર આગેવાનોમાં એલએન્ડટી થર્મેકસ, આયોન એકસચેંજ, રેમકી, એકસેપ્ટન્સ ગ્રુપ, એન્ડ્રેસ +હોશર એકસેલ કીલોસ્કર, બ્રધર્સ, કીશોર પંપ્સ, ટાટા પ્રોજેકટસ, વિલો, સીમેન્સ, લેન્કસેસ, એસ્ટ્રલ પોલી, ઝાયલેમ, સીઆરઆઈ પંપ્સ, એલજી કેમ, વિપ્રો વોટર વગેરેનો સમાવેશ થાય છે. ૨૦૧૭ ની ઓડીશનમાં ચીન, જર્મની, ઓસ્ટ્રીયા અને સ્વીત્ઝરલેન્ડથી પણ કન્ટ્રી પેવીલીયન્સ હશે. નિષ્ણાતો અનુસાર અમદાવાદ ભારતમાં સૌથી પ્રદુષીત શહેરોમાંથી એક છે. ગુજરાતમાં સૌથી વિશાળ શહેર હોઈ તે કચરાનો નિકાલ, વાતાવરણના પ્રદુષણની ગંભીર સપાટી, અપુરતો પાણી પુરવઠો અને ચોમાસામાં પતન થતી સીવેજ સીસ્ટમ જેવા મુદાઓ સાથે સંઘર્ષ કરી રહ્યું છે.આ ટ્રેડ ફેરમાં મહાપાલીકાઓ પ્રદુષણ નિયંત્રણ મંડળો, જળ મંડળો અને ઉદ્યોગમાં અન્ય ખેલાડીઓ માટે શ્રેણીબદ્ધ નિવારણો અને સેવા પ્રદાતાઓ રજુ કરાશે.

આ ટ્રેડ શો ઉદ્યોગના નિષ્ણાતો, નીતીના ઘડવૈયાઓ અને વેપાર આગેવાનોને ઘણા બધા પર્યાવરણીય પડકારો પર પ્રાદેશીક વ્યુહ રચનાઓની ચર્ચા કરવા માટે અને વિધિસર આદાન પ્રદાન થકી નિવારણો મેળવવાનો મોકો આપશે.

# ઓસડીયા કડવા પણ અક્સીર દવા

ચરિત્ર, વ્યક્તિત્વ વિકાસ માટે ટીપ્પણી કે આલોચના કરનાર આવકાર્ય હોવા જ જોઈએ. અમુક માણસ આત્મશલાધા કે ખુશામતને ચાહતો હોય છે. સોનુ, કંચન પણ એરણ પર ચડવા તૈયાર હોય તો જ નિખરે ! દરેક માણસમાં એક જિનિયસ જીવતો હોય છે પણ દરેકને એ મળતો નથી.

આપણી ખૂબી ઘણી વખત આપણને જ ખબર હોતી નથી. જો ખૂબીની ખબર ન હોય તો ખામીની તો ક્યાંથી ખબર હોય ? દરેક પોતાની જાતને પરફેક્ટ જ માને છે, આપણામાં જરાસરખો બદલાવ લાવવાની ક્યારેક આપણી તૈયારી નથી હોતી. આપણે ક્યારેય આપણા સ્વજન, મિત્રને કે અંગત વ્યક્તિને પૂછ્યું છે કે, તમને મારામાં શું ખામી કે કમી લાગે છે ! એવુ હું શું કરું તો વધુ સારો થઈ શકું ? કોઈ પત્નીએ પતિને અને પતિએ પત્નીને પૂછ્યું છે કે, હું મારામાં શું બદલાવ કરું તો તને વધુ વ્હાલી / વ્હાલો લાગું !?!

જેની પાસે સાઈકલ હોય ને પછી એકટીવા લાવે એટલે સાઈકલને ભૂલી જાય છે પણ એને એ નથી ખબર કે બેલેન્સ રાખતા સાઈકલે જ ?? શીખવ્યુ છે ! આવુ કોઈ-કોઈ જણ જીવનમાં પણ કરતા હોય છે.

એક વખત સચ્ચાઈ જાણવા, માણવા અને જાતને સુધારવા પ્રયત્ન કરી જોઈએ તો !? શક્ય છે કે, ખબર નહીં હોય એવી રસપ્રદ બાબતોની જાણકારી થશે !

વિકેશશાહ દાંતીવાડા

## ડીસામાં નિવૃત શિક્ષકની જનજાગૃતિ...



ડીસા

ચાણક્યે ઠીક જ કહ્યું છે. શિક્ષક કભી સાધારણ નહીં હોતા. જ્યારે ડીસામાં વયનિવૃત્ત ચિત્ર શિક્ષકે પણ સિધ્ધ કરી બતાવ્યું છે કે, શિક્ષક કભી નિવૃત્ત નહીં હોતા. શિક્ષક આજીવન શિક્ષક જ રહે છે. બલ્કી નવું નવું જાણવાની ધગશ રાખીને આવા શિક્ષકો આજીવન વિદ્યાર્થીઓ જ રહે છે.

ડી.જે.એન. મહેતા હાઈસ્કુલ જુનાડીસામાં લગભગ ૩૯ વરસ સુધી ચિત્રકલા અને સાહિત્યના શિક્ષક તરીકે નોકરી કરીને ૯(નવ) વરસ પહેલાં વય નિવૃત થયેલા નાથાલાલ બ્રહ્મક્ષત્રિય આજે પણ ડીસાના સાંઈ મંદિરના બગીચામાં, જલારામ મંદિરના પરિષરમાં અને ગાયત્રી મંદિરના પટાંગણમાં મુકેલાં કાળાં પાટીયાં ઉપર પ્રસંગને અનુરૂપ ચિત્રો દોરે છે તથા સુવાક્યો લખીને લોકશિક્ષણનું ઉમદા કામ કરે છે.

કલા ફાઉન્ડેશનના સંયોજક અને રાષ્ટ્રપતિ એવોર્ડ વિજેતા ચિત્ર શિક્ષક ચંદુભાઈ એ.ટી.ડી., ચિત્રશિક્ષક જગદીશભાઈ વાઘેલા તથા એલ.આઈ.સી.ના અધિકારી અને ભારત વિકાસ પરિષદ, ડીસાના મહામંત્રી જયેશભાઈ દેસાઈ તેમના ''ગણપતિ મહોત્સવ'' પ્રસંગે દોરેલા ચિત્રનું નિરીક્ષણ કરીને તેમને બિરદાવ્યા હતા.

## વડગામના શિવનગરમાં શ્રીજીના ઉત્સવની ધામધૂમપૂર્વક ઉજવણી



વડગામના શિવનગર, વરવાડીપા રોડ ઉપરના વિસ્તારમાં ગણપતિ ઉત્સવની ધામધૂમપૂર્વક ઉજવણી કરવામાં આવી છે.ભવ્ય શોભાયાત્રા દ્વારા શ્રીજીની મૂર્તિની સ્થાપના કરવામાં આવી હતી.સવાર-સાંજ પૂજા અર્ચના મહાઆરતી અને વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજવામાં આવે છે.

# પાંચડા ગામમાં શાળાના વિદ્યાર્થીઓને તિથિભોજન અપાયું

પ્રતિનિધિ પાંચડા

તા. ૨૪/૮/૨૦૧૭ ના રોજ પાંચડા ગામે પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ દાતા એસએમસી અધ્યક્ષ બારડ દલપતસિંહ ચેતાજી અને તેમના નાના ભાઈ બારડ હરિસિંહ ચેલાજી પરિવાર દ્વારા તિથિભોજન આપવામાં આવ્યું હતું. જે પ્રસંગે ઉપસ્થિત વિદ્યાર્થીગણ, શાળા સ્ટાફગણ અને બહોળી સંખ્યામાં મિત્રમંડળે કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# નેહવાલની લાઈફ ઉપરની ફિલ્મમાં હવે શ્રદ્ધા ચમકશે

સાઈના નહેવાલની લાઈફ પર ફિલ્મમાં હવે શ્રદ્ધા કપુર કામ કરવા જઈ રહી છે. ફિલ્મ પર કામ શરૂ કરવામાં આવ્યુ છે. જેથી હાલમાં સાઈના નહેવાલ શ્રદ્ધા કપુરને તમામ પ્રકારથી માર્ગદર્શન આપી રહી છે. મિલખાસિંહ, મેરી કોમ , મહેન્દ્રસિંહ ધોની, અઝહરુદ્દીન અને સચિન તેન્ડુલકરની લાઈફ પર ફિલ્મ બની ગયા બાદ હવે બેડમિન્ટન સ્ટાર સાઈનાની લાઈફ પર ફિલ્મ બની રહી છે. હાલના સમયમાં બાયોપિક ફિલ્મ બનાવવાનો ક્રેઝ બોલિવુડના નિર્માતા નિર્દેશકોમાં જોવા મળી રહ્યો છે. અમોલ ગુપ્તા દ્વારા નિર્દેશિત ફિલ્મમાં સાઈનાની ભૂમિકામાં શ્રદ્ધા કપુર કામ કરી રહી છે. રોલને લઈને તમામ બાબતો નક્કી કરી લેવામાં આવી છે. શ્રદ્ધા કપુર અન્ય બાયોપિક ફિલ્મ અપૂર્વ લાખિયાની હસીના પાર્કર ફિલ્મમાં કામ કરી ચુકી છે. જેમાં તે ડોન દાઉદ ઈબ્રાહિમની બહેનની ભૂમિકા અદા કરી ચુકી છે. આ ફિલ્મમાં તેની ભૂમિકાની કરવામાં આવી હતી. બે બાયોપિક ફિલ્મ બેક ટુ બેક કરવામાં આવી ચુકી છે તે અંગે પુછવામાં આવતા શ્રદ્ધા કપુરે કહ્યુ છે કે બાયોપિક ફિલ્મમાં કામ કરવા માટેની મોટી જવાબદારી છે. ફિલ્મમાં ઐતિહાસિક પાત્રોને ન્યાય આપવાની બાબત પડકારરૂપ રહે છે. આ પ્રકારના રોલ કરતી વેળા દબાણ ખુબ રહે છે. શ્રદ્ધા કપુર બોલિવુડમાં આશાસ્પદ સ્ટાર તરીકે ઉભરી આવી છે. શ્રદ્ધા કપૂર બોલીવુડમાં આશિકી-૨ ફિલ્મથી લોકપ્રિય થઈ હતી. ત્યારબાદ એક વિલન અને અન્ય કેટલીક સારી ફિલ્મો શ્રદ્ધાએ કરીને આશાસ્પદ તરીકે ઉભરી આવવામાં સફળતા મેળવી હતી.

# બુધ્ધનો ક્ષમાગુણ

આ સંસારમાં ક્ષમાવાન મનુષ્યને સૌંદર્ય, આરોગ્ય, આનંદ, દીર્ઘાયુષ્ય અને ચક્રવર્તી રાજા જેવું, વિપુલ સુખ પ્રાપ્ત થાય છે.બુધ્ધની વાત મૌલિક છે કારણ કે ક્ષમાવાન મનુષ્ય સુખ પ્રાપ્ત કરે છે.તે વાત આપણને ગમી જાય તેવી છે.ક્ષમા આપનાર માણસ બોજ સીવાય કશુંય ગુમાવે છે ખરા ? ક્ષમાનો નાળ સંબંધ 'ક્ષમ' સાથે છે, ક્ષમ એટલે સમર્થ કે શક્તિમાન જે વ્યક્તિ પાસે ક્ષમતા હોય તે જ ક્ષમા આપી શકે.કોઈ તકવાદી માણસ મજબુરીને કારણે અત્યાચાર વેઠી શકે.ક્ષમા આપવા માટે જબરા સામર્થ્યની જરૂર પડે છે.તેમ તમારા નિષ્ઠાવંત શત્રનું સ્મરણ કરીને એને મનોમન ક્ષમા આપવાનો પ્રયત્ન કરી જો જો, નવનેજા પાણી તરશે.અંદરની જબરી તાકાત વિના કોઈને ક્ષમા આપવાનું શક્ય નથી.કાયરની અહીંસાની માફક નબળા માણસ દ્વારા અપાયેલી ક્ષમા બેકાર છે જ્યાં ક્ષમતા કે સામર્થ્ય નથી ત્યાં ક્ષમા જેવી બોગસ બાબત બીજી કોઈ નથી.ક્ષમા આપવાનો ડોળ કરવો એ અક્ષમ્ય અપરાધ છે.મહાવીર જંગલમાં ધ્યાન કરી રહ્યા હતા ત્યારે એક ગોવાળીયાએ એમના કાનમાં ઘાસની અણી ખોસીને અપાર પીડા પહોંચાડી.મહાવીર એ પજવણી શાંતિપૂર્વક સહી લઈને ગોવાળીયાને ક્ષમા આપી હતી.એ ક્ષમા અસમર્થ માણસે આપી ન હતી એટલે તો બુધ્ધ કહે છે.ક્ષમા અને પ્રેમથી અઢળક સુખ પ્રાપ્ત થાય છે.તે કહે છે જે તમારા સામે ધિક્કાર બાંધે છે તેમને ક્ષમા મુક્ત કરે છે.માથા પર મણનો બોજો લઈને ફરતો માણસ ક્ષમા આપીને હળવો ફુલ બની જાય છે.બુધ્ધે પોતાના ઉપદેશમાં શત્રુને ક્ષમા અને પ્રેમ કરવા કહ્યું

**સંકલન : રાજેશ બારૈયા'વનવાસી' (ભાવનગર)**

ખેલફલક

જેમાં ક્રિકેટથી માંડીને તમામ રમતોની રસપ્રદ માહિતી...

# વર્લ્ડ બેડમિન્ટન ચેમ્પિયનશિપમાં સાઈનાનો સેમીમાં પરાજય કાંસ્ય પદકથી સંતોષ




ભારતીય બેડમિન્ટન ખેલાડી સાઈના નહેવાલનો વર્લ્ડ બેડમિન્ટન ચેમ્પિયનશિપની સેમી ફાઈનલમાં પરાજય થતાં બ્રોન્ઝ મેડલથી સંતોષ માનવો પડ્યો હતો. સેમી ફાઈનલમાં સાઈના નહેવાલને જાપાનની નોઝોમી ઓકુહારાએ સવા કલાક સુધી ચાલેલા મુકાબલામાં ૧૨-૨૧, ૨૧-૧૭, ૨૧-૧૦થી પરાજય આપ્યો હતો. સાઈના નહેવાલ ૨૦૧૫માં ઈન્ડોનેશિયાના જાકાર્તા ખાતે યોજાયેલી વર્લ્ડ બેડમિન્ટન ચેમ્પિનશિપની ફાઈનલમાં પહોંચી હતી પરંતુ તે વખતે કેરોલિના મારિન સામે હારી જતાં સિલ્વર મેડલ મળ્યો હતો. સેમી ફાઈનલમાં તેની સામે જાપાનની નોઝોમી ઓકુહારા હતી જેની સામે સાઈનાનો જીતનો રેકોર્ડ ૬-૧નો હતો. જેને કારણે સાઈનાને જીતની દાવેદાર માનવામાં આવી રહી હતી. સાઈના? પોતાની ક્ષમતા મુજબ શરૂઆત કરતાં પ્રથમ સેટમાં ઓકુહારા સામે આસાન વિજય મેળવ્યો હતો, પરંતુ બીજા સેટમાં સંઘર્ષ બાદ હારી જતાં બન્ને ખેલાડીઓએ ૧-૧ની બરાબરી કરી લીધી હતી. ત્રીજા અને અંતિમ સેટમાં ઓકુહારાએ સાઈનાને એકતરફી દેખાવ કરી બહાર કરી દીધી હતી. ક્વાર્ટર ફાઈનલમાં પણ સાઈનાએ સંઘર્ષ બાદ જીત મેળવી હતી. ક્વાર્ટર ફાઈનલમાં સાઈના નહેવાલનો સામનો સ્કોટલેન્ડની ક્રિસ્ટી ગિલમોર સામે હતો. આ મેચમાં પણ જીત મેળવવા માટે સાઈનાને ભારે સંઘર્ષ કરવો પડ્યો હતો. સવા કલાક સુધી ચાલેલી આ મેચમાં સાઈનાએ ૨૧-૧૯, ૧૮-૨૧, ૨૧-૨૫થી જીત મેળવી હતી.



# ધોનીની સિદ્ધી : અઝહરના રેકોર્ડને તોડવામાં સફળતા

ભારતના સ્ટાર વિકેટકિપર બેટ્સમેન મહેન્દ્રસિંહ ધોનીએ તેની યશકલગીમાં વધુ એક મોર પીછુ ઉમેરી લીધુ છે. તે વનડે ક્રિકેટમાં ૯૩૭૮ રન કરવાના અઝહરુદ્ધીનના રેકોર્ડને તોડી દેવામાં સફળ રહ્યો છે. આની સાથે જ તે ભારત તરફથી સૌથી વધારે રન કરનાર ચોથો ખેલાડી બની ગયો છે. પલ્લેકલે ઈન્ટરનેશનલ ક્રિકેટ સ્ટેડિયમ ખાતે શ્રીલંકા સામે રમાયેલી ત્રીજી વનડે મેચ દરમિયાન ધોનીએ આ સિદ્ધી હાંસલ કરી હતી. ત્રીજી વનડે મેચમાં ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય કર્યા બાદ યજમાન ટીમે નિરાશાજનક દેખાવ કર્યો હતો.ભારતીય બોલરોની સામે યજમાન ટીમના ખેલાડી ટકી શક્યા ન હતા. જશપ્રિત બુમરાહે વનડે ક્રિકેટમાં પ્રથમ વખત પાંચ વિકેટની સિદ્ધી હાંસલ કરી હતી. ચમારા કપુગેદરાના નેતૃત્વમાં ટીમે માત્ર ૨૧૮ રનના નજીવા લક્ષ્યાંકને આપ્યા બાદ ભારતીય ટીમે સરળતાથી આ રન બનાવી લીધા હતા. ધોની અને રોહિત શર્માએ ભારત તરફથી જોરદાર બેટિંગ કરી હતી. ધોનીએ પોતાની વનડે કેરિયરની ૬૫મી અડધી સદી કરી હતી. આની સાથે જ કુમાર સંગાકારાના રેકોર્ડની પણ બરોબરી કરી હતી. બન્ને વિકેટકિપરના કેટલાક રેકોર્ડ રહેલા છે. ધોનીએ ૮૭ બોલમાં ૬૭ રન કર્યા હતા. તે અઝહરના રેકોર્ડને તોડવામાં સફળ રહ્યો હતો. ભારત તરફથી સૌથી વધારે રન બનાવવાનો રેકોર્ડ સચિન તેન્ડુલકરના નામ પર છે. સચિને વનડે ક્રિકેટમાં દુનિયામાં સૌથી વધારે રન કર્યા છે. તેના રેકોર્ડને કોઈ ખેલાડી તોડશે કે કેમ તે અંગે વાત કરવી મુશ્કેલ છે. રોહિત શર્મા અને ધોનીએ ૧૫૬ રનની ભાગીદારી નોંધવી હતી. આની સાથે જ ભારતે પાંચ વનડે મેચોની શ્રેણી ૩-૦થી જીતી લીધી છે. બાકીની મેચમાં હવે માત્ર ઔપચારિકતા બાકી રહી છે. વનડે ક્રિકેટમાં ધોની શાનદાર દેખાવ કરવા માટે હજુ આશાવાદી બનેલો છે. અઝહરે પોતાની કેરિયરમાં સૌથી ઝડપથી એકપછી એક સિદ્ધીઓ હાંસલ કરી હતી. તેના નામ પર પણ કેટલાક રેકોર્ડ હતા. જો કે મેચત ફિક્સિંગમાં સકંજામાં આવ્યા બાદ તેની કેરિયરનો અંત આવ્યો હતો. સચિન તેન્ડુલકરનો રેકોર્ડ પણ અભૂતપૂર્વ રહ્યો છે. તેના રેકો-ર્ડ પર હાલમાં કોઈ ખેલાડી પહોંચી શકવાની સ્થિતીમાં નથી. સચિને ૧૮ હજારથી પણ વધારે રન કર્યા છે. ટેસ્ટ અને વનડેમાં તેના રેકોર્ડ તેની કુશળતાને સાબિત કરે છે. સચિન કરોડો ચાહકોમાં લોકપ્રિય રહ્યો છે.

# મેવેદરે મેકગ્રેગરને ૧૦ રાઉન્ડમાં પછાડ્યો : પૈસાનો થયેલો વરસાદ

**ટીમ સ્પીરીટ**

અમેરિકાના પ્રોફેશનલ અપરાજિત બોક્સર ફ્લાયડ મેવેદરે ફરી એકવાર પોતાની કુશળતા સાબિત કરીને ક્યારે પણ ન હારવાનો રેકોર્ડ જાળવી રાખ્યો છે. મિક્સ્ડ માર્શલ આર્ટ્સ ચેમ્પિયન કોનોર મેકગ્રેગરને ૧૦ રાઉન્ડમાં હાર આપીને મેવેદરે હજુ સુધીની સૌથી મોંઘી ફાઈટ જીતી લીધી હતી. ૩૮૪૦ કરોડ રૂપિયા દાવ ઉપર હતા. હાર અથવા જીતની સ્થિતિમાં ઓછામાં ઓછા ૫૦૦ કરોડ રૂપિયા તો મળી જ ગયા હતા. વિજેતા બનેલા મેવેદરને વિનિંગ બેલ્ટ તરીકે મગરના ચામડાથી બનેલી બેલ્ટમાં ૩૩૬૦ હીરા, ૬૦૦ નિલમ અને ૩૦૦ પન્ના જોડાયેલા છે. આ ઉપરાંત આ બેલ્ટમાં ૧.૫ કિલોગ્રામ સોનું લગાવવામાં આવ્યું છે. આ હાઈપ્રોફાઈલ અને હાઈવોલ્ટેજ ફાઈટ ટી મોબાઈલ એરેનામાં લાસવેગાસમાં યોજાઈ હતી. ફાઈટ માટેની કેટલીક સીટો છ-છ લાખ રૂપિયામાં વેચાઈ હતી. દુનિયાની સૌથી મોંઘી ફાઈટ અમેરિકાના લોકપ્રિય શહેર લાસવેગાસમાં યોજાઈ હતી. આ મુકાબલાની ટિકિટો, ટીવી પ્રસારણ, સ્પોન્સરશીપને મળીને ૩૮૪૦ કરોડ રૂપિયાની આવક થઈ હતી. જાણકાર લોકોનું કહેવું છે કે, આ અગાઉ ક્યારે પણ આટલી મોંઘી ફાઈટ થઈ નથી. મની નિકનેમથી લોકપ્રિય મેવેદરે પહેલા રિટાયર્ડમેન્ટ પણ લઈ લીધું હતું પરંતુ ફરી એકવાર વાપસી કરી હતી. મેવેદરે છેલ્લા બે વર્ષમાં કોઈપણ ફાઈટ રમી નથી જ્યારે બીજી બાજુ મેકગ્રેગરે છેલ્લી ફાઈટ ૨૦૧૬ના અંતિમ ગાળામાં લડી હતી. અનુભવ ઉપર નજર કરવામાં આવે તો મેવેદર પહેલાથી જ હોટફેવરિટ તરીકે હતો. મેવેદર બોક્સિંગના ઈતિહાસ સૌથી ડિફેન્સીવ બોક્સરોમાં ગણવામાં આવે છે. કેરિયરની ૪૯ મેચો પૈકી ૨૬ મેચો નોકઆઉટના આધાર પર જીતી છે. આ જીતની સાથે જ મેવેદર દુનિયાના પ્રથમ એવા બોક્સર બનવામાં સફળતા મેળવી છે જે બોક્સરે ૫૦ ફાઈટ લડ્યા સુધી એક પણ ફાઈટ હારી નથી. પાંચ વખતના



વર્લ્ડ ચેમ્પિયન મેવેદરે આ જીતની સાથે જ પ્રોફેશનલ બોક્સિંગથી પોતાની નિવૃત્તિની જાહેરાત પણ કરી દીધી હતી. મેવેદરને પહેલાથી જ ફેવરિટ તરીકે ગણવામાં આવી રહ્યો હતો. બંને દિગ્ગજો વચ્ચે થનાર ફાઈટ માટેની જાહેરાત બે મહિના પહેલા જૂનમાં કરવામાં આવી હતી. ૧૨ રાઉન્ડના આ મુકાબલાને મેવેદરે ૧૦ રાઉન્ડમાં જ જીતી લીધો હતો. આ ફાઈટમાં મેવેદર ઉપર ૬૦૦ મિલિયન ડોલર અથવા તો ૩૮૩૨ કરોડ રૂપિયા દાવ ઉપર હતા. એમએમએ અલ્ટીમેટ ફાઈટિંગ ચેમ્પિયનશીપના મુખ્ય કારોબારીના કહેવા મુજબ આ પ્રથમ એવી ફાઈટ હતી જેના ઉપર આટલા જંગી નાણા લગાવવામાં આવ્યા હતા. આશરે એક અબજ લોકોએ ટીવી અને ઈન્ટરનેટ ઉપર આ દિલધડક ફાઈટિંગનું પ્રસારણ નિહાળ્યું હતું. મેવેદર આ પહેલા ૪૯ ફાઈટ પોતાના નામ ઉપર કરી ચુક્યો છે. પ્રોફેશનલ બોક્સિંગમાં એન્ટ્રી કર્યા બાદથી મેવેદરે એક પણ ફાઈટ ગુમાવી નથી.

**મિક્સ્ડ માર્શલ આર્ટ ચેમ્પિયન મેકગ્રેગરને હાર આપી ૫૦ ફાઈટ સુધી એક પણ ફાઈટ ન હારવાનો મેવેદરનો રેકોર્ડ અકબંધ : નિવૃત્તિની જાહેરાત કરી**

## સ્પોર્ટસ ક્વીઝ

ડો.પી.ડી.શર્મા

**સવાલ :**

૧. હાલમાં જ ભારતે સતત આઠમી ટેસ્ટ શ્રેણી કયા દેશ સામે જીતી હતી ?

૨. હાલમાં જ કયા ખેલાડીએ લંડનમાં આયોજીત વર્લ્ડ એથ્લેટીકસ ચેમ્પિયનશીપમાં ૪૦૦ મી હર્ડલ્સમાં ગોલ્ડમેડલ જીતીને મોટો અપસેટ સર્જ્યો હતો ?

૩. હાલમાં જ કઈ મહિલા ખેલાડીએ લંડનમાં આયોજીત વર્લ્ડ એથ્લેટીકસ ચેમ્પિયનશીપમાં ૪૦૦ મીટરમાં વિજેતા બની ઈતિહાસ સર્જ્યો હતો ?

૪. હાલમાં જ કઈ મહિલા ખેલાડીએ લંડનમાં આયોજીત વર્લ્ડ એથ્લેટીકસ ચેમ્પિયનશીપમાં ૨૦૦ મીટરમાં ગોલ્ડમેડલ જીત્યો હતો ?

૫. હાલમાં જ લંડનમાં પુર્ણ થયેલ વર્લ્ડ એથ્લેટીકસ ચેમ્પિયનશીપમાં કયા લેજન્ડરી એથ્લીટે ભારે હૈયે ચાહકોને અલવિદા કહ્યું હતું ?

૬. હાલમાં જ કઈ જોડીએ બેલ્જીયમ આઈટીએફ 'વિમેન્સ ડબલ્સ' ટાઈટલ જીત્યું હતું ?

૭. હાલમાં જ શ્રીલંકા સામેની ત્રીજી ટેસ્ટ મેચ જીતી કેટલા વર્ષ પછી ભારતેત્રણથી વધુ ટેસ્ટ શ્રેણી વ્હાઈટવોશ કરવાની સિદ્ધિ પ્રાપ્ત કરી હતી ?

૮. હાલમાં જ શ્રીલંકા સામે ત્રણ ટેસ્ટમેચની શ્રેણીમાં કયો ખેલાડી 'મેન ઓફ ધ સીરીઝ' જાહેર થયો હતો ?

૯. હાલમાં ભારતીય ક્રીકેટ ટીમના મુખ્ય પસંદગીકાર કોણ છે ?

૧૦. હાલમાં જ કયા ટેનીસ ખેલાડીએ 'રોજર્સકપ' નું ટાઈટલ જીત્યું હતું ? કયા ખેલાડીને હરાવીને ?

૧૧. હાલમાં જ વિશ્વના મહાન દોડવીર યુસેન બોલ્ટે લંડન મુકામે આયોજીત વિશ્વ એથ્લેટીકસ ચેમ્પિયનશીપ દરમ્યાન પોતાની ફેરવલ સ્પીચમાં યુવાનોને કઈ સલાહ આપી હતી ?

૧૨. આવતા વર્ષે અંડર ૧૯ ક્રીકેટ વર્લ્ડકપનું આયોજન કયાં કરવામાં આવશે ?

૧૩. હાલમાં જ સેંટ લુઈસ મુકામે ૨૨ વર્ષ પછી કયા ચેસ જગતના બે દિગ્ગજ ખેલાડીઓ વચ્ચે મુકાબલો ખેલાયો હતો ?

જવાબ :

૧. હાલમાં જ ભારતે સતત આઠમી ટેસ્ટ શ્રેણી શ્રીલંકા દેશ સામે જીતી હતી.

૨. હાલમાં જ નોર્વેના કર્સ્ટન વોટહોલ્મે નામના ખેલાડીએ લંડનમાં આયોજીત વર્લ્ડ એથ્લેટીકસ ચેમ્પિયનશીપમાં ૪૦૦ મી હર્ડલ્સમાં ગોલ્ડમેડલ જીતીને મોટો અપસેટ સર્જ્યો હતો.

૩. હાલમાં જ અમેરીકાના ફીલીસ ફ્રાન્સીસ નામની મહિલા ખેલાડીએ લંડનમાં આયોજીત વર્લ્ડ એથ્લેટીકસ ચેમ્પિયનશીપમાં ૪૦૦ મીટરમાં વિજેતા બની ઈતિહાસ સર્જ્યો હતો.

૪. હાલમાં જ નેધરલેન્ડની ડેફના સ્ચીપ્પેર્સ નામની મહિલા ખેલાડીએ લંડનમાં આયોજીત વર્લ્ડ એથ્લેટીકસ ચેમ્પિયનશીપમાં ૨૦૦ મીટરમાં ગોલ્ડમેડલ જીત્યો હતો.

૫. હાલમાં જ લંડનમાં પુર્ણ થયેલ વર્લ્ડ એથ્લેટીકસ ચેમ્પિયનશીપમાં એથ્લેટીકસ જગતના લેજન્ડરી સુપર સ્ટાર યુસેન બોલ્ટ નામના એથ્લીટે ભારે હૈયે ચાહકોને અલવિદા કહ્યું હતું.

૬. હાલમાં જ ગુજરાતની આંતરરાષ્ટ્રીય મહિલા ટેનીસ ખેલાડી અંકીતા રૈના તથા નેધરલેન્ડની બીલીર્યન સ્યુફુસની જોડીએ બેલ્જીયમ આઈટીએફ 'વિમેન્સ ડબલ્સ' ટાઈટલ જીત્યું હતું.

૭. હાલમાં જ શ્રીલંકા સામેની ત્રીજી ટેસ્ટ મેચ જીતી ૮૫ વર્ષ પછી ભારતેત્રણથી વધુ ટેસ્ટ શ્રેણી વ્હાઈટવોશ કરવાની સિદ્ધિ પ્રાપ્ત કરી હતી.

૮. હાલમાં જ શ્રીલંકા સામે ત્રણ ટેસ્ટમેચની શ્રેણીમાં શીખર ધવન નામનો ખેલાડી 'મેન ઓફ ધ સીરીઝ' જાહેર થયો હતો.

૯. હાલમાં ભારતીય ક્રીકેટ ટીમના મુખ્ય પસંદગીકાર એમ.એસ.કે.પ્રસાદ છે.

૧૦. હાલમાં જ જર્મનીના એલેકઝાન્ડર ઝર્વેરે નામના ટેનીસ ખેલાડીએ 'રોજર્સકપ' નું ટાઈટલ જીત્યું હતું .

૧૧. હાલમાં જ વિશ્વના મહાન દોડવીર યુસેન બોલ્ટે લંડન મુકામે આયોજીત વિશ્વ એથ્લેટીકસ ચેમ્પિયનશીપ દરમ્યાન પોતાની ફેરવલ સ્પીચમાં યુવાનોને 'જીવનમાં કયારેય હિંમત હારીને તમારા પ્રયાસ મુકો નહીં હંમેશા નવા પડકાર સ્વીકારતા રહો' એવી સલાહ આપી હતી.

૧૨. આવતા વર્ષે અંડર ૧૯ ક્રીકેટ વર્લ્ડકપનું આયોજન ન્યુઝીલેન્ડમાં કરવામાં આવશે.

૧૩. હાલમાં જ સેંટ લુઈસ મુકામે ૨૨ વર્ષ પછી ભારતના વિશ્વનાથન આનંદ અને રશિયાના ગેરી કાસ્પારોવ એમ ચેસ જગતના બે દિગ્ગજ ખેલાડીઓ વચ્ચે મુકાબલો ખેલાયો હતો.

-ડો.પી.ડી.શર્મા (અમદાવાદ)

# વન-ડે માં સૌથી ઝડપી ૭૦૦૦ રન બનાવનાર હાશીમ અમલા



**ખેલના મેદાનમાંથી**

કમલેશ કંસારા

દક્ષિણ આફ્રીકાની ક્રિકેટટીમમાં સૌથી ભરોસામંદ બેટસમેન હોય તો તે છે હાશિમ અમલા. જેમણે તાજેતરમાં જ એક દિવસીય આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં જયારે ૭૦૦૦ રન પુરા કર્યા ત્યારે સૌથી ઓછી ઈનીંગ્સમાં પુરા કરવાનો રેકોર્ડ એમના નામે નોંધાઈ ગયો છે. મજાની વાત તો એ છે કે અમલાએ વિશ્વમાં વર્તમાન સમયમાં સૌથી બહેતરીન બેટસમેન તરીકે ઓળખાતા ભારતના વિરાટ કોહલીના કીર્તિમાનને તોડયો છે. વિરાટ કોહલીએ વન-ડે માં ૭૦૦૦ રન ૧૬૧ ઈનીંગ્સમાં બનાવ્યા હતા. જ્યારે અમલાએ માત્ર ૧૫૦ ઈનીંગ્સમાં ૭૦૦૦ રન પુરા કર્યા છે. વિરાટ કોહલીએ વન-ડે માં બનાવેલા દરેક હજાર રનોનો કીર્તિમાનને તે આસાનીથી તોડી રહ્યા છે. વિરાટ કોહલીએ ૫૦૦૦ રન બનાવવાને માટે ૧૧૪ ઈનીંગ્સ ખેલી હતી. જ્યારે હાશિમ અમલાએ માત્ર ૧૦૧ ઈનીંગ્સમાં ૫૦૦૦ રન પુરા કરી દીધા હતા. વાસ્તવમાં હાશિમ અમલાના વન-ડે માં ૨૦૦૦ રન, ૩૦૦૦ રન, ૪૦૦૦ રન, ૫૦૦૦ રન, ૬૦૦૦ રન અને ૭૦૦૦ રન જ્યારે પણ બન્યા હતા. ત્યારે અમલાએ વિરાટ કોહલી દ્વારા બનાયેલ ઉપરોકત રનોનો રેકોર્ડનો ભંગ કર્યો હતો. આજે વિશ્વમાં વિરાટ કોહલી એક મહાન બેટસમેન તરીકે પોતાની છાપ ઉભી કરી છે ત્યારે એની સામે ઓછી ચર્ચામાં રહેલ હાશિમ અમલા, વિરાટ કોહલી કરતાં ઉમદા બેટીંગ પ્રદર્શન કરતાં ક્રિકેટ સમીક્ષકો અને વિવેચકોને દેખાડી આપ્યું છેકે મૌન રહીને પણ મોટા કીર્તિમાનો રચી શકાય છે.

હાશીમ અમલાની વન-ડે કેરીયર ૯ વર્ષ જુની છે. દક્ષિણ આફ્રિકાની પસંદગીની કમીટીએ હાશિમ અમલાને વન-ડેનો પ્લેયર માન્યો નહોતો એને વન-ડે નો બેટસમેન પુરવાર કરવાને માટે ચાર વર્ષનો સમય લાગ્યો હતો. હાશિમ અમલા જયારથી દક્ષિણ આફ્રીકાની વન-ડે ટીમમાં પોતાનું સ્થાન મેળવ્યું ત્યારથી એણે પાછું વળીને જોયું નથી. આજે સ્થિતિ એવી ઉભી થઈ છે કે વન-ડે ક્રીકેટમાં બેટસમેન તરી-કે વિરાટ કોહલીનો નંબર વન પ્રતિ દ્વદ્વિ અમલા કહેવાય છે. વિરાટના દરેક વન-ડે રેકોર્ડ હાશીમ અમલા પોતાની બેટીંગના દમ પર તોડી રહ્યો છે.

જો કે અમલાનું દુર્ભાગ્ય એટલું કહી શકાય કે એણે મોટા મેદાનમાં અનેક ઉપલબ્ધિઓ મેળવ્યા છતાંય વિશ્વ મીડીયામાં એના નામની ચર્ચાઓ થતી નથી. જેવી ભારતના વિરાટ કોહલીની થાય છે. કોહલીની સાથે જોયરૂટ, કેન વિલીયમ્સન અથવા સ્ટીવન સ્મીથ પણ ચર્ચામાં રહે છે પણ અમલા નહીં ! આવી જ સ્થિતિ દક્ષિણ આફ્રિકાના જૈક કાલીસની હતી. જેણે વિશ્વમાં મહાન ઓલરાઉન્ડર તરીકેની છાપ ઉભી કરી હતી ક્રીકેટના મેદાનોમાં. એના સમયમાં સચિન તેંડુલકર, રીકી પોન્ટીંગ અથવા બ્રાયન લારા જ મીડીયામાં છવાયેલા રહેતા હતા. જેક કાલીસને કયારેય એ લોકોની હરોળમાં શ્રેષ્ઠ ઓલરાઉન્ડર બેટસમેન તરીકે સ્થાન મળ્યું નહોતું. કાલીસ-સચિન, લારા અને પોન્ટીંગ કરતાં એક સારા બોલર પણ હતા. બેટીંગમાં પણ કાલીસે યાદગાર ઈનીંગ્સો રમીને દક્ષિણ આફ્રીકાને વિશ્વની હરોળમાં લાવીને મુકયું હતું.

હાશીમ અમલાએ અંડર ૧૯ ની ટીમમાં પણ એક ઉમદા બેટસમેન પુરવાર થયેલ પરંતુ દક્ષિણ આફ્રિકાના ક્રિકેટ બોર્ડ અને મીડીયાએ કોઈ જ ધ્યાનમાં નહોતું લીધું. ક્રિકેટ બોર્ડ અને મીડીયાએ હાશીમ અમલાને લારા, સચીન કે વિરાટ જેવો પ્રોજેક્ટ નહોતો કર્યો.

વિરાટ કોહલી જ્યારે ભારતીય અંડર ૧૯ ની ટીમના કેપ્ટન હતા ત્યારથી મીડીયાએ એને ભવિષ્યનો સિતારો તરીકે પ્રોજેક્ટ કરેલ. અહીંયા એક વાત કહી શકાય કે અમલા અને કાલીસ એટલા માટે પાછળ રહી ગયા કારણ કે દક્ષિણ આફ્રિકામાં ક્રિકેટને દેશની નંબર વન રમત નથી ગણતા. ભારતમાં ક્રિકેટની સ્થિતિ નંબર વન રમતના રૂપમાં થાય છે.

હવે પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે શું અમલા ભારતના વિરાટ કોહલી દ્વારા બનાવેલા દરેક કીર્તિમાન આ રીતે ધ્વસ્ત કરતો રહેશે ? ભારતીય ક્રિકેટપ્રેમીઓ પાસે આનો કોઈ જ જવાબ નથી. હાલમાં હાશીમ અમલાની ઉંમર ૩૪ વર્ષની છે. હવે તે વધુમાં વધુ ચાર પાંચ વર્ષ વધુ ક્રિકેટ ખેલી શકે તેમ છે. જ્યારે વિરાટ કોહલી ૨૮ વર્ષની ઉંમરનો છે અને જો કોઈ અનહોની ન બને તો તે વધુ ૧૦ વરસ ક્રિકેટ રમી શકે તેમ છે. કદાચ એ સમયે વિરાટ કોહલી એવા રેકોર્ડ બનાવશે કે જેને અમલા પોતાના ઘરના ટીવી પર નિહાળતા હશે પરંતુ દક્ષિણ આફ્રિકાના દિગ્ગજ બેટસમેન તરીકેની છાપ ઉભી કરનાર હાશીમ અમલાએ ક્રિકેટના મેદાનમાં જે જૌહર દેખાડયું છે. તેને ક્રિકેટના પ્રશંસકો લાંબા સમય સુધી યાદ રાખશે એમાં કોઈ બે મત નથી.

**કમલેશ કંસારા**

# ભારત શ્રીલંકા મેચ ૨૧ વર્ષ પહેલાની ઘટના તાજી થઈ ગઈ

**ટર્નીંગ પોઈન્ટ**

શ્રીલંકાની વિરૂધ્ધ એક દિવસીય મેચ અને શ્રેણીમાં ભારતની ૩-૦થી સરસાઈ હાંસલ કરવાની સાથે જ ૨૧ વર્ષ પહેલા બનેલી ઘટનાની યાદ તાજી થઈ હતી હતી. ૨૧ વર્ષ પહેલા કોલકતાના ઈડન ગાર્ડન મેદાનમાં ૧૯૯૬ના વિશ્વકપની સેમીફાઈનલમાં ભારત શ્રીલંકાની સાથે સખ્ત રીતે હારી ગયુ હતું મેચ પુરી થવાના થોડા સમય પહેલા ભારતીય દર્શકોએ ગુસ્સામાં આવી મેદાનમાં બોટલો ફેંકવાનું શરૂ કરી દીધુ હતું આખરે મેચ પુરી કર્યા વિના જ શ્રીલંકાને વિજયી જાહેર કરવામાં આવ્યું હતું અને ભારત વિશ્વકપની બહાર થઈ ગયું હતું.તે સમયે મેદાનમાં ભારત તરફથી રમી રહેલ વિનોક કાંબલી રડી પડયો હતો અને રડતા રડતા મેદાનની બહાર આવ્યો હતો. ગઈકાલે પણ આવી જ ઘટના સામે આવી હતી અને અહીં ભીડે મેચમાં અવરોધ ઉભો કરવાનો પ્રયાસ કર્યો હતો જેને કારણે મેચને લગભગ ૩૫ મિનિટ સુધી રોકવી પડી હતી. ભારતનો સ્કોર ૪૪ ઓવર બાદ ૨૧૦ રન હતો અને જીત માટે ફકત આઠ રન કરવાના બાકી હતી અને રોહિત શર્મા અને મહેન્દ્રસિંહ ધોની બેટીંગ કરી રહ્યાં હતાં શ્રીલંકાઈ દર્શકોની ધમાલને કારણે ખેલાડીઓને ડ્રેસિંગ રૂમમાં મોકલવામાં આવ્યા હતાં આ દરમિયાન એવું લાગી રહ્યું હતું કે આ મેચ પુરી કરવામાં આવશે નહીં અને ભારતને વિજય જાહેર કરવામાં આવશે પરંતુ આમ થયુ નહીં પરંતુ મેચ પુરી કરાવવામાં આવી હતી. જો કે મેચ શરૂ કરતા પહેલા દર્શક દીર્ધાના કેટલાક ભાગોમાંથી દર્શકોને હટાવવા માટે સુરક્ષા દળોને બોલાવવામાં આવ્યા હતાં અને ત્યારબાદ ખેલાડીઓને મેદાનમાં ફરી બોલાવવામાં આવ્યા હતાં અને મેચ ફરી શરૂ કરવામાં આવી હતી અને ભારતે વિજય માટે જોઈતા આઠ રન કરી મેચ જીતી લીધી હતી. કોમેંટરોનું કહેવું છે કે મેચ દરમિયાન દર્શકોની ધમાલને કારણે જો મેચ પુરી થઈ ન હતો અને ભારતને વિજય જાહેર કરવામાં આવ્યું હોત તો પ્રબંધકો પર દાગ લાગ્યો હોત

# મહિલા હોકી : યુરોપ પ્રવાસ માટે ભારતીય ટીમ જાહેર

**ટીમની જવાબદારી સ્ટ્રાઈકર રાનીને સોંપાઈ**

**સવિતાને વાઈસ કેપ્ટનની જવાબદારી સોંપવામાં આવી**



નેધરલેન્ડમાં સપ્ટેમ્બરથી શરૃ થઈ રહેલ યુરોપ પ્રવાસ માટે ૧૮ સભ્યોની ભારતીય મહિલા હોકી ટીમની જાહેરાત કરી દેવામાં આવી છે. હોકી ઈન્ડિયા (એચઆઈ)એ આજે ટીમની જાહેરાત કરી હતી. ભારતીય ટીમનો યુરોપ પ્રવાસ ૫ સપ્ટેમ્બરથી શરૃ થઈ રહ્યો છે. આ પ્રવાસ માટે ભારતીય ટીમની કમાન સ્ટ્રાઈકર રાનીને સોંપવામાં આવી છે, તો ગોલકીપર સવિતાને વાઈસ કેપ્ટનની જવાબદારી સોંપવામાં આવી છે. આ ટીમમાં યુવા અને અનુભવી ખેલાડીઓને સામેલ કરવામાં આવ્યા છે. જ્યારે ભારતીય ટીમમાં ડિફેન્સની જવાબદારી દીપ ગ્રેસ એક્કા, સુનીત લાકડા, ગુરજીત કૌર, નવદીપ કૌર અને રશ્મિતા મિંજ પર રહેશે. તો સવિતા અને રાજાની એતિમાર્પુ ગોલકિપરની ભૂમિકામાં જોવા મળશે. આ ઉપરાંત મિડફિલ્ડમાં નમિતા ટોપ્પો, નિક્કી પ્રધાન, મોનિકા, કરિશ્મા યાદવ, લિલિમા મિંજ અને નેહા ગોયલ પણ રહેશે.

# યુએસ ઓપનની શરૂઆત વર્ષ ૧૮૮૧માં કરાઈ હતી




યુએસ ઓપન ટેનિસ ચેમ્પિયશીપ ટેનિસમાં સૌથી જુની સ્પર્ધા પૈકીની એક છે. વર્ષ ૧૮૮૧માં તેની શરૂઆત થયા બાદથી દર વર્ષે આ ચેમ્પિયનશીપ યોજાય છે. વિશ્વમાં ચાર ગ્રાન્ડ સ્લેમ દર વર્ષે રમાય છે જે પૈકી યુએસ ઓપન પણ એક છે. આ ચેમ્પિયનશીપ મુખ્યરીતે હાર્ડકોર્ટ પર રમાય છે.

વર્ષ ૧૯૮૭ બાદથી યુએસ ઓપને સત્તાવાર રીતે ચોથી અને અંતિમ ગ્રાન્ડ સ્લેમ તરીકે જાહેર કરવામાં આવી હતી. અન્ય ત્રણ ગ્રાન્ડ સ્લેમમાં વિમ્બલ્ડન, ઓસ્ટ્રેલિયન ઓપન અને પ્રેન્ચ ઓપનનો સમાવેશ થાય છે. યુએસ ઓપન સામાન્ય રીતે દર વર્ષે ઓગષ્ટના અંતિમ સપ્તાહમાં યોજાય છે. કેટલીક વખત સપ્ટેમ્બરના પ્રથમ બે સપ્તાહમાં પણ આનુ આયોજન કરવામાં આવે છે. આનો ઈતિહાસ ખુબ રોચક છે. સૌથી વધુ સિંગલ્સ ટાઈટલ જીતવાનો રેકોર્ડ રિચર્ડ સિર્સ, બિલ લાર્નેડ, બિલ ટિલ્ડનના નામે છે. આ તમામ ત્રણેય ખેલાડીએ સાત વખત સિંગલ્સ તાજ જીત્યો છે. જ્યારે મહિલા વર્ગમાં સૌથી વધુ સિંગલ્સ તાજ જીતવાનો રિકોર્ડ મોલ્લા મેલ્લોરીના નામ પર છે. તે આઠ વખત આ ટીઈટલ જીતવામાં સફળ રહી હતી. યુએસ ઓપન દરેક સેટમાં ટાઈબ્રેક ધરાવે છે. આ જ કારણસર અંતિમ સેટ બે ગેમની લીડ સુધી ચાલે છે. રૂ

**યૂએસ ઓપન પ્રોફાઈલ**

| | | |
|---|---|---|
| તારીખ | : | ૨૮મી ઓગસ્ટ-૧૦મી સપ્ટેમ્બર |
| એડિશન | : | ૧૩૭ |
| કેટેગરી | : | ગ્રાન |
| | | (મહિલા) |
| મિક્સ્ડ ડબલ્સ | : | સિગમુન્ડ અને પેવિક |

**ટેનિસમાં સૌથી જુની સ્પર્ધા પૈકીની એક છે**

**અંતિમ ગ્રાન્ડસ્લેમ તરીકે યુએસ ઓપન ચેમ્પિયનશીપ હાર્ડકોર્ટ પર રમાય છે : દરેક સેટમાં ટાઈ બ્રેકની વ્યવસ્થા**

# રાધનપુરમાં અડધા ઈંચ કરતા વધુ વરસાદ


કમલ ચક્રવર્તી

(પ્રતિનિધિ) રાધનપુર

રાધનપુરમાં સોમવારે આખો દિવસ હૃદયને ધ્રુજાવી નાખે તેવા બફારાના કારણે લોકો ચિંતિત બની ગયા હતા અને મેઘો મન મૂકીને વરસશે તેવી ચિંતા પેઠી હતી , પરંતુ આખો દિવસ માત્ર કાળઝાળ ગરમી રહ્યા બાદ મોડી રાત્રે મેઘરાજાનું આગમન થયું હતું અને ૧૫ મી.મી. વરસાદ પડતા વાતાવરણમાં ઠંડક પ્રસરી જવા પામી હતી, મોદી રાત્રે મેઘરાજાનું આગમન થતા જ વીજપુરવઠો બંધ થઈ જવા પામ્યો હતો જેના કારણે લોકોમાં ગભરાટ જોવા મળ્યો હતો. ગત મહિને ભારે વરસાદને કારણે જે વિનાશ સર્જાયો હતો એના કારણે આકાશમાં વીજળીના ચમકારા અને વાદળોનો ગડગડાટ થતા જ લોકોના મનમાં ભયનું મોજું ફેલાઈ જતું હોય છે.. જો કે માંડ સુકાયેલા રસ્તાઓ અને શેરીઓ વરસાદને કારણે ફરીથી ભીંજાયી ગયી હતી. અને નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ જવા પામ્યા હતા.

# રાધનપુરમાં માલધારી મહિલા વિકાસ સંગઠને વાડા રજીસ્ટર કરવા રજૂઆત કરી


કમલ ચક્રવર્તી

(પ્રતિનિધિ) રાધનપુર

માલધારી મહિલા વિકાસ સંગઠન દ્વારા માલધારી બહેનોના પાંચ ગામના વાડા રજીસ્ટરમાં ચડે તે માટે મામલતદારને લેખિતમાં રજુઆત કરી હતી , જેમાં જણાવ્યા પ્રમાણે માલધારી સમાજ વર્ષોથી પશુ સાથે સ્થળાંતર કરે છે , આ ઉપરાંત સમાજમાં શિક્ષણનું પ્રમાણ પણ ખુબ જ ઓછું છે જેના કારણે સમાજના લોકો દ્વારા પશુના વાડા સમયસર પંચાયતમાં નોંધાવી શકતા નથી... બાપ દાદાના સમયથી વાડા ધરાવતા હોવા છતાંય આ વાડા પંચાયતમાં નોંધાવી શક્યા નથી , જેથી આવા વાડા રજીસ્ટરમાં નોંધવા અને નામે ચડાવવા જણાવવામાં આવ્યું હતું. આ પ્રસંગે ઉત્તર ગુજરાત માલધારી મહિલા વિકાસ સંગઠનના પ્રમુખ સિનાડના સુરજબેન રબારી તેમજ સમાજની બહેનો ઉપસ્થિત રહી હતી.

# રાધનપુરમાં ગણપતિ બાપ્પાને ૫૬ ભોગ ધરાવાયો


કમલ ચક્રવર્તી

(પ્રતિનિધિ) રાધનપુર

રાધનપુર શહેરમાં શેરીઓ અને સોસાયટીઓમાં ગણેશજીની સ્થાપના કરીને પૂજા અર્ચના કરવામાં આવી હતી...શહેરની અંબિકાનગર સોસાયટીમાં યુવક મંડળ દ્વારા ધૂમધામથી ગણેશોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. યુવાનો દ્વારા પાંચમા દિવસે ગણેશજીના વિસર્જન વખતે ભગવાન ગણેશજીને ૫૬ ભોગ ધરાવવામાં આવ્યો હતો... અને ઉત્સાહભેર ગણપતિ બાપ્પા મોરિયાના ગગનભેદી જયઘોષ સાથે બાપ્પાને ભાવભરી વિદાય આપવામાં આવી હતી. સોસાયટીની મહિલાઓએ ગરબાની રમઝટ જમાવી હતી.

# વિવિધ બજાર ભાવ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ડીસા | | રાયડો | ૬૪૦-૬૬૦ | | -૩૫૩૧ |
| એરંડા | ૮૮૦-૮૯૧ | એરંડા | ૮૭૦-૮૭૬ | એરંડા | ૮૮૦-૮૯૬ |
| રાયડો | ૬૫૦-૬૫૧ | બાજરી | ૨૨૪-૨૬૦ | રાયડો | ૬૫૧-૬૬૮ |
| બાજરી | ૨૪૪-૨૬૦ | ચીકુડી | ૮૪૦-૮૭૦ | ગવાર | ૭૩૦-૭૩૫ |
| ઘઉં | ૨૮૮-૩૧૫ | વડગામ | | ઘઉં | ૩૦૭-૩૨૦ |
| રાજગરો | ૮૦૭-૮૨૦ | બાજરી | ૨૦૦-૨૫૧ | બાજરી | ૨૪૦-૨૫૦ |
| ગવાર | ૭૨૫-૭૩૭ | એરંડા | ૮૮૮-૮૯૦ | જુવાર | ૬૨૫-૬૪૦ |
| મગફળી | ૫૫૧-૬૭૧ | ગવાર | ૭૫૦-૭૬૦ | પાટણ | |
| પાલનપુર | | ભીલડી | | જીરૂ | ૩૧૭૦-૩૩૬૦ |
| એરંડા | ૮૮૦-૮૯૮ | એરંડા | ૮૯૫-૮૯૯ | વરી. | ૯૧૨-૯૪૯ |
| ઘઉં | ૩૦૫-૩૨૫ | રાયડો | ૬૦૧-૬૭૧ | મેથી | ૪૦૦-૫૨૨ |
| બાજરી | ૧૯૧-૨૫૩ | બાજરી | ૨૦૫-૨૪૮ | સુવા | ૭૫૧-૯૬૩ |
| મગફળી | ૫૦૦-૬૭૩ | ઘઉં | ૩૦૯-૩૧૮ | રાયડો | ૬૨૦-૬૬૭ |
| રાજગરો | ૭૯૦-૮૩૦ | ધાનેરા | | એરંડા | ૮૭૮-૮૯૪ |
| થરાદ | | ઘઉં | ૨૮૬-૨૯૦ | ઘઉં | ૩૧૦-૩૨૭ |
| ચીકુડી | ૭૭૦-૯૦૦ | બાજરી | ૨૧૬-૨૬૨ | બાજરી | ૨૩૦-૨૬૨ |
| ગવાર | ૭૦૫-૭૩૦ | ગવાર | ૭૨૯ | ગવાર | ૭૨૦-૭૪૦ |
| એરંડા | ૮૮૦-૮૯૫ | રાયડો | ૬૧૦-૬૪૭ | સિદ્ધપુર | |
| બાજરી | ૨૫૦-૨૬૨ | એરંડા | ૮૬૦-૮૮૫ | રાયડો | ૬૪૯-૬૬૮ |
| ઈસ. | ૧૭૦૦-૧૯૫૦ | ઈસ. | ૧૫૨૫-૧૮૫૦ | એરંડા | ૮૩૦-૯૦૨ |
| જીરૂ | ૩૦૦૦-૩૬૦૦ | સુવા | ૯૭૬-૯૯૦ | ઘઉં | ૩૨૧-૩૩૭ |
| રાયડો | ૬૫૦-૬૮૦ | અજમો | ૯૭૦ | બાજરી | ૨૨૦-૨૬૭ |
| અજમો | ૧૦૦૦-૧૪૮૦ | અન્ય | ૭૨૭ | જુવાર | ૬૦૫ |
| રજકો | ૨૫૦૦-૨૮૦૧ | થરા | | | |
| રાહ | | જીરૂ | ૩૨૬૧ | | |

# હૈદરાબાદ બિયારણ કંપનીમાં સાબરકાંઠાના ખેડૂતો-સંચાલકોના રૂા.૩૫.૫૦ કરોડ સલવાયા

હિંમતનગર

સાબરકાંઠા જિલ્લામાં હાઈબ્રીડ કપાસ બિયારણ પકવતા ખેડૂતો તથા ઓર્ગેનાઈઝરોએ મળી હૈદરાબાદની એક બિયારણ કંપની સામે વિરોધનું રણસીંગું ફુંક્યું છે.આ કંપની જિલ્લાના હજારો ખેડૂતો તથા ઓર્ગેનાઈઝરોમાં બાકી નીકળતા રૂપિયા ૩૫ કરોડ ઉપરાંત જેટલી રકમ ચુકવવાના બદલે છેલ્લા ત્રણ વર્ષથી ઠાગાઠૈયા કરતી હોઈ આખરે ગત સોમવારે ખેડૂતો અને આર્ગેનાઈઝરોએ મળીને જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપ્યું હતું.સાથે આ મામલે કલેક્ટરને દરમ્યાનગીરી કરવા જણાવ્યું હતું.સદર કંપનીમાં સમગ્ર રાજ્યના મળી કુલ રૂા.૫૬.૨૦ કરોડ સલવાયા હોઈ રાજ્ય સરકાર સામે પણ મદદની ગુહાર લગાવાઈ છે.

જાણવા મુજબ સમગ્ર રાજ્યમાં કપાસ બિયારણ ઉત્પાદન ક્ષેત્રે સાબરકાંઠા જિલ્લો અને તેમાંય ઈડર તાલુકો અગ્રેસર રહ્યો છે.આ વિસ્તારના ખેડૂતો દ્વારા છેલ્લા સાડા ત્રણ દાયકાથી કપાસ બિયારણ ઉત્પાદનના કાર્યક્રમો થાય છે.બિયારણનું ઉત્પાદન કરવા માટે દેશની ઘણી બધી કંપનીઓ દ્વારા જિલ્લામાં હાઈબ્રીડ કપાસ બિયારણ ઉત્પાદનના કાર્યક્રમના ધંધા સાથે સંકળાયેલા ઓર્ગેનાઈઝરો મારફતે કંપનીનું આ હાઈબ્રીડ કપાસ બિયારણ ઉત્પાદન કરવા માટેનું ફાઉન્ડેશન ખેડૂતોને આપવામાં આવે છે.ખેડૂતો બિયારણ પકવીને આગળની પ્રક્રિયા માટે ઓર્ગેનાઈઝરને આપે છે અને ઓર્ગેનાઈઝરો તેનું ગ્રેડીંગ કરી કંપનીને આપતા હોય છે.બાદમાં કંપનીઓ બિયારણનું આનુવંશિક તેમજ ઉગાડ શક્તિનું ટેસ્ટીંગ કરી તેમાં પાસ થયેલ બિયારણના જથ્થાનું નક્કી થયેલ ભાવ મુજબ ઓર્ગેનાઈઝર થકી ખેડૂતોને ચુકવતી હોય છે.પરંતુ વર્ષ ૨૦૧૧ થી ૨૦૧૩ સુધી હૈદરાબાદની વિભા એગ્રોટેક લી.કંપની ખેડૂતો દ્વારા ઉત્પાદિત થયેલ બિયારણનો જથ્થો તેના હૈદરાબાદ સ્થિત પ્લાન્ટમાં લઈ ગઈ હતી અને બિયારણને પાસ જાહેર કરાયું હતું તેમ છતાં તેનું પેમેન્ટ નહીં આપીને ગુજરાતના ખેડૂતોને છેતર્યા છે.એ બાબતે ખેડૂતોએ કલેક્ટર સમક્ષ રજૂઆત કરી છે.

# પાટણના લોધી ગામે વીજળી પડતાં યુવા મહિલા સરપંચનું મોત

પાટણ

રાજયભરમાં ભારે વરસાદ પડી રહયો છે ત્યારે અનેક સ્થળોએ વીજળી પડવાના પણ બનાવો બન્યા છે જેમાં પાટણના લોધી ગામે વીજળી પડવાથી યુવા મહિલા સરપંચનું મૃત્યુ નીપજયું છે જયારે મહુછાપરા ગામે વીજળી પડતાં બે ના મોત નીપજયા છે.

રાજયભરમાં સાર્વત્રિક વરસાદ પડવાનો શરૂ થતાં જ અનેક જિલ્લામાં વીજળીના કડાકા ભડાકા સાથે વરસાદ ખાબકયો હતો છેલ્લા કેટલાક વર્ષોથી રાજયમાં વીજળી પડવાની ઘટનાઓ ઘટી રહી છે. ગઈકાલે મોડી રાત્રે પાટણના સરસ્વતી તાલુકાના લોધી ગામે વીજળીનો પ્રચંડ કડાકો થયો હતો અને વીજળી પડતાં ગામના ૨૪ વર્ષના યુવા મહિલા સરપંચ ચંદ્રિકાબહેન આખા શરીરે ગંભીર રીતે દાઝી ગયા હતા જેના પરિણામે તેમનું મૃત્યુ નીપજતા સમગ્ર ગામમાં શોકનું મોજુ ફરી વળ્યું હતું. એ જ રીતે મહુછાપરા ગામે વીજળી પડતાં બે આધેડના મોત નીપજયા હોવાનું જાણવા મળી રહયું છે.

# શહેરના નાગરીકોને ટુંક સમયમાં AC ટાઉનહોલ મળશે ૪.૩૮ કરોડના ખર્ચે રીનોવેશનનો પ્રારંભ



હિંમતનગર

હિંમતનગર શહેરનું એક માત્ર શહેરની વચ્ચે એરકુલ્ડ સગવડ વાળુ ડૉ.નલીનકાંત ગાંધી ટાઉન હોલ આગામી થોડા જમહીનામાં શહેરના નાગરીકોને આધુનીક સુવિધાવાળુ એસી ટાઉન હોલ મળશે જેનું આજરોજ પાલીકા પ્રમુખ નિલાબેન પટેલનીઉપસ્થિતીમાં રીનોવેશનના કામની શુભ શરુઆત કરવામાં આવી હતી. આ પ્રસંગે જીલ્લા ભાજપ પ્રમુખ જે.ડી.પટેલ, ધારાસભ્યરાજેન્દ્રસિંહ ચાવડા, ઉપપ્રમુખ અનીરુધ્ધ સોરઠીયા, કારોબારી સમીતી અધ્યક્ષ અમૃતભાઈ પુરોહિત તેમજ ટાઉન હોલ સમીતીનાચેરમેન પ્રતીક્ષાબેન સોલંકી ઉપસ્થિત રહી કોન્ટ્રાકટર સાથે રહી અજીત મહરાજે વિધી પૂર્વક રીનોવેશન ના કામગીરીની શરુઆતકરાવેલ. આ હોલમાં આધુનીક સ્ટેજ, સ્ટેજ લાઈટીંગ, સાઉન્ડ સીસ્ટમ, ઈલેકટ્રીકફીકેશન, એકોસ્ટીંગ તેમજ સીટો પણ લેટેસ્ટ હશે સાથેચેન્જરુમ, વોશરુમ પણ નવીન બનાવવામાં આવશે. સરકારની વિવિધ ગ્રાન્ટની રકમ ફાળવવામાં આવી છે. બાકીની રકમ સ્વભંડોળમાંથી લેવામાં આવશે. હોલમાં ફુલ સીટીંગ કેપેસીટી ૮૦૦ ની રહેશે. આજના પ્રસંગમાં પાલીકાના વોટર વર્કસ સમીતીના ચેરમેન તથાદડંક રાકેશભાઈ પટેલ, ગટર સમીતીના ચેરમેન મીતેશ શાહ, લાઈટ વિભાગના ચેરમેન સવજીભાઈ ભાટી, દબાણ સમીતીના ચેરમેનરાજુભાઈ દેસાઈ અન્ય સદસ્યો કુંદનબેન દોશી, યતીનબેન મોદી, શહેર સંગઠન મહામંત્રી હર્ષદભાઈ મિસ્ત્રી, વિપક્ષના સદસ્યો ઈશાકશેઠ, ઈમરાન બાદશાહ, નિર્મળાબેન પંચાલ, શૈલેષ ધુવાડ, ઉપપ્રમુખ હેમંત ડોડીયા, જયેશભાઈ વ્યાસ, રાહુલ પટેલ, અર્ચનાબેનસોની, શહેર મહીલા મોરર્ચાના પ્રમુખ રેખાબેન ત્રિવેદી, સુરજભાઈ રાઠોડ, એન્જીનીયર્સ મુકેશભાઈ તથા બાંધકામ વિભાગનો સ્ટાફ,તેમજ પાલીકાનો અન્ય સ્ટાફ હાજર રહેલ. આ શહેરની શોભા ટાઉન હોલ શહેરના શ્રેષ્ઠી એન્જીનીયર્સ સી.સી.શેઠના માર્ગદર્શન હેઠળ તૈયાર થયેલ છે.

# હિમતનગર ખાતે પત્રકારો દ્વારા સ્વાઈન ફ્લુના ઉકાળાના કેમ્પનું આયોજન


સતીષ ભટ્ટ

ભાદરવી પૂર્ણિમાના આડે હવે ગણત્રીના દિવસો બાકી રહ્યા છે... પદયાત્રીઓના પ્રવાહની સાથે સાથે સેવા કેમ્પો પણ ધમધમી રહ્યા છે....ત્યારે સાબરકાંઠા જીલ્લાના હિમતનગર ખાતે આજે વિવિધ ટીવી ચેનલના પત્રકારો દ્વારા સ્વાઈન ફ્લુના ઉકાળાના કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું...આજે સવારથી શરુ થયેલા આ કેમ્પમાં હજારો લોકોએ સ્વાઈન ફ્લુ માટેના ઉકાળાનો લાભ લીધો હતો... તો જીલ્લા વિકાસ અધિકારી હર્ષ વ્યાસ સહીત જીલ્લાના આલા અધિકારીઓએ પણ આ કેમ્પની મુલાકાત લીધી હતી...અને સાબરકાંઠા જીલ્લામાં શરુ થયેલા આ એક માત્ર સ્વાઈન ફ્લુના ઉકાળાનાં કેમ્પ અને તે પણ પત્રકારો દ્વારા શરુ કરાયા હોવાથી પત્રકારોની કામગીરીને બિરદાવી હતી.

# રાધનપુરમાં બનાસ નદીનું સૌમ્ય રૂપ જોવા મળ્યું

રાધનપુર

રાધનપુર-સાંતલપુર પંથકમાં ગત મહિને ભારે વરસાદ અને બનાસ નદીમાં આવેલા વિનાશક પૂરને કારણે બનાસકાંઠા અને પાટણ જિલ્લાના અનેક ગામોમાં તારાઝી સર્જાઈ હતી ,અનેક લોકો બેઘર પણ બની ગયા હતા ,જો કે આજે એ જ વિનાશક બનાસ નદી માં પાણી નો એક રેલો ધીમી ચાલે વહી રહ્યો છે અને સૂર્યની સાક્ષીએ બનાસ નદી એકદમ સૌમ્ય લાગી રહી છે , આ દ્રશ્ય જોઈને એવું ના લાગે કે આ જ બનાસ નદીએ અનેક લોકોને બરબાદ કરી નાખ્યા હશે.


કમલ ચક્રવર્તી

# રાધનપુરના ગૌરવપથ ઉપર વાહન ચાલકોના આંતરડા અધ્ધર થઇ જાય છે

## ગૌરવપથ શહેરનું ગૌરવ હનન કરી રહ્યો છે

રાધનપુર

રાધનપુરમાં જયારે ગૌરવપથ બન્યો ત્યારે શહેરીજનો આ પથ જોઈને ગૌરવ અનુભવી રહ્યા હતા અને વાહનચાલકો પેટનું પાણી ના હાલે એ રીતે વાહનો ચલાવીને મઝા લેતા હતા, આજે છેલ્લા ૩ મહિનાથી આ ગૌરવપથ એટલો બિસ્માર બન્યો છે કે વાહનચાલકો પટણી દરવાજાથી હાઈવે ચાર રસ્તા સુધી પહોંચે ત્યાં સુધી તો વાહનચાલકના આંતરડા અધ્ધર થઈ જાય છે. તેમાંય અંડરગ્રાઉન્ડ ગટર બન્યા બાદ નગરપાલિકા દ્વારા જેટલો ભાગ ખોદ્યો હતો એટલો જો પૂરીને સમતલ બનાવી દીધો હોત તો આજે લોકો અને વાહનચાલકોની આ હાલત ના હોત.

આજે રાધનપુરમાં પટણી દરવાજાથી હાઈવે ચાર રસ્તા જવું હોય તો વાહનચાલકો અને લોકો સો વાર વિચાર કરે છે.. કારણ કે નગરપાલિકાના અણઘડ વહીવટના કારણે આડેધડ કાંકરેટ અને કપચી નાખીને આખા ગૌરવ પથની દશા બગાડી નાખી છે... વાહનચાલકે વાહનો ક્યાં ચલાવવા એ જ સવાલ બની જાય છે, એમાંય વરસાદ પડે ત્યારે તો આ ગૌરવપથની હાલત નર્ક કરતાંય ખરાબ થઈ જાય છે...ગૌરવપથ ઉપર ઠેર ઠેર વરસાદના પાણી ભરાઈ જાય છે એમાં ગટરો સાફ ના થઈ હોવાથી ગટરનું પાણી ભળીને દુર્ગંધ મારતું હોય છે. જેના કારણે ગૌરવપથની આજુબાજુ આવેલા એક હજારથી વધુ વેપારીઓની હાલત ખરાબ થઈ જાય છે. શહેરના લોકો, વેપારીઓ અને વાહનચાલકો ઈચ્છી રહ્યા છે કે જો ગૌરવપથ હાલ નવો ના બની શકે તો કઈ નહિ પણ જેસીબી થી સમતળ કરવામાં આવે અને કમ સે કમ રાહદારીઓ અને વાહનચાલકો કોઈપણ જાતની હાલાકી વિના ચાલી શકે તો જાણે કે જંગ જીત્યા હોય તેવો અહેસાસ થશે.


કમલ ચક્રવર્તી



### નગરપાલિકામાં કોઈ સાંભળતું જ નથી

રાધનપુર નગરપાલિકાના સત્તાધારી પક્ષના કોર્પોરેટર મનોજભાઈ ભોજકના જણાવ્યા મુજબ નગરપાલિકામાં કોઈ સાંભળતું જ નથી...કોઈ રજુઆત કરે તો દબાવવાની કોશિશ કરવામાં આવે છે.ગૌરવપથ ઉપર પાણી ભરાઈ જવાથી વાહનો ચાલે ત્યારે પાણીના છાંટા છેક દુકાનોમાં બેઠેલા વેપારીઓ ઉપર ઉડે છે... આજે આ ગૌરવપથ નહિ પણ કૌરવપથ બની ગયો છે. દવાના છંટકાવ માટે વીસ દિવસથી રજુઆત કરી છે પરંતુ હજુ સુધી દવાનો છંટકાવ પણ થયો નથી.

### ખાડા પુરવા સૂચના આપી છે

પાલિકાના ચીફ ઓફિસર હરીશ અગ્રવાલના જણાવ્યા મુજબ ગૌરવપથ ઉપર અંડરગ્રાઉન્ડ ગટરનું કામ થયા બાદ ખાડા પુરવામાં આવ્યા હતા પરંતુ વરસાદને કારણે બેસી જતા ફરીથી ખાડા પડી ગયા છે તે પુરવા માટે સૂચના આપી દેવામાં આવી છે.

રાધનપુર શહેરમાં ગૌરવપથ હવે શહેરની ગરિમાને લાંછન લગાવી રહ્યો હોય તેવું ખુદ પાલિકાના ચૂંટાયેલા સદસ્યો પણ માની રહ્યા છે.

# ખેલ મહાકુંભમાં તાલુકાકક્ષાની સ્પર્ધામાં પાયોનિયર સ્કૂલના વિદ્યાર્થીઓનું શ્રેષ્ઠ પ્રદર્શન



પાટણ

શાળાઓમાં ખેલમહાકુંભ અંતર્ગત રમતગમતોનો માહોલ જામ્યો છે. ત્યારે ગત રોજ પાટણ તાલુકાના ડેર મુકામે કે.સી.પટેલ વિદ્યાસંકુલ સંલગ્ન પાયોનિયર સ્કૂલના વિદ્યાર્થીઓ વિવિધ વયગ્રુપ કેટેગરીની એથ્લેટિક્સ (દોડ, કૂદ, અને ફેંક)ની સ્પર્ધા યોજાઈ ગઈ તેમા (યુ.૦૯)ના (ભાઈઓ અને બહેનો) શ્રેષ્ઠ પ્રદર્શન કરી પ્રતિવર્ષ જેમ પાયોનિયરના વિદ્યાર્થીઓએ આ વર્ષ પણ પોતાની શ્રેષ્ઠતા પૂરવાર કરી પોતાની સિધ્ધી હાસલ કરી જેમાં પટેલ ધ્રુવ જશવંતભાઈ (અંડર-૯) ૩૦ મી દોડમાં પ્રથમ અને ચૌધરી આવિષ્કા પ્રકાશભાઈ (અંડર-૯) ૩૦ મી દોડમા દ્વિતિય, પટેલ રૂદ્ર નરેશકુમાર (અંડર - ૯) ૩૦ મી દોડમાં તૃત્તિય ક્રમાંક પ્રાપ્ત કરી શાળાપરિવારનું ગૌરવ વધારેલ છે. આ ઉપરાંત તાલુકા કક્ષાની કબડ્ડી અને એથ્લેટીક્સ (દોડ.કૂદ અને ફેંક) સ્પર્ધા યોજાઈ તેમા (યુ-૧૧,યુ-૧૪, અને યુ-૧૭) ભાઈઓ અને બહેનો) સ્પર્ધામાં વિશેષ સિધ્ધી હાંસલ કરી હતી જેમાં યુ-૧૭ (ભાઈઓ) કબડ્ડીમાં સિલેકશન ટીમ જિલ્લા કક્ષાએ રમવા જશે. જેમાં તાલુકા કક્ષાએ દ્વિતીય નંબર પ્રાપ્ત કરેલ છે. તથા એથ્લેટીક્સમાં રબારી આશા રાજાભાઈ અંડર - ૧૭ ગોળાફેંક પ્રથમ, રબારી આશા રાજાભાઈ અંડર - ૧૭ ચક્રફેંક દ્વિતીય, પટેલ નિશા મનિષકુમાર અંડર - ૧૭ ૧૦૦મી દોડ પ્રથમ, ચૌધરી અમીબેન પરેશભાઈ અંડર - ૧૭ ૧૦૦ મી દોડ તૃત્તિય, પટેલ માનવ હરેશભાઈ અંડર - ૧૪ ૧૦૦ મી દોડ તૃત્તિય પ્રાપ્ત કર્યો છે.

આ ઉપરોક્ત તમામ વિદ્યાર્થીઓએ જુદી રમતમાં સિધ્ધીઓ પ્રાપ્ત કરવા બદલ સંસ્થા પમુખ કે.સી પટેલ શાળાના પ્રિન્સીપાલ અશોકભાઈ તથા દીપ્તિબેન દવે તથા સ્ટાફમિત્રોએ ભાગ લેનાર તથા વિજેતા બનનાર તમામ વિદ્યાર્થીઓને શુભેચ્છાઓ પાઠવી હતી. ઉપરાંત શાળા સ્પોર્ટ ટીચર ચિરાગભાઈ તથા હિતેશભાઈને પણ બિરદાવ્યા હતા.

# વિસનગર તોફાન કેસમાં હાર્દિક અને લાલજી કોર્ટમાં હાજર રહ્યા

વિસનગર

વિસનગરમાં પાટીદાર અનામત આંદોલનની નીકળેલી રેલી બાદ થયેલા તોફાન કેસમાં મંગળવારના રોજ મુદત હોવાથી પાસના નેતા હાર્દિક પટેલ તેમજ એસપીજીના લાલજી પટેલ સહિત તમામ આરોપીઓ હાજર રહ્યા હતા. જેમાં મંગળવારે સાક્ષીની જુબાની લેવાયા બાદ કોર્ટે આગામી ૨૦મી સપ્ટેમ્બરની મુદત આપી છે. વિસનગરમાં ૨૩ જુલાઈ, ૨૦૧૫ના રોજ અનામત આંદોલત સમિતિ દ્વારા પાટીદાર અનામત રેલી કાઢવામાં આવી હતી. સાક્ષીની જુબાની લેવાઇ, ૨૦ સપ્ટેમ્બરની મુદત રેલી બાદ થયેલ તોડફોડ તેમજ તોફાન કેસમાં પાસના નેતા હાર્દિક પટેલ સહિત ૧૭ વિરુદ્ધ ફરિયાદ નોંધાઇ હતી. જે કેસની મંગળવારે મુદત હોવાથી પાસના નેતા હાર્દિક પટેલ, એસપીજીના લાલજી પટેલ સહિત તમામ આરોપીઓ હાજર રહ્યા હતા. જ્યારે કોર્ટમાં સાક્ષીઓની જુબાની લેવામાં આવી હતી અને કોર્ટે આગામી મુદત ૨૦ સપ્ટેમ્બરના રોજ આપી છે. આ અંગે હાર્દિક પટેલના વકીલના જણાવ્યા પ્રમાણે, મંગળવારે સાક્ષીઓની જુબાની લેવાઇ હતી અને કોર્ટે ૨૦મી સપ્ટેમ્બરની મુદત આપી છે.

# રાધનપુરમાં શ્રીમદ ભાગવત જ્ઞાનકથાનું આયોજન

રાધનપુર

રાધનપુર શહેરમાં શ્રી નેપાળેશ્વર મહાદેવના મંદિરે શ્રાવણ સુદ ૪ ને ગુરુવારના રોજ શ્રી રાધા મહિલા ભજન મંડળ દ્વારા શ્રીમદ ભાગવત જ્ઞાનયજ્ઞનું આયોજન કરાયું હતું , પરંતુ અતિભારે વરસાદને કારણે રદ કરાયું હતું, હવે રાજગઢી સ્થિત શ્રી નેપાળેશ્વર મહાદેવના મંદિરે ભાદરવા સુદ ૧૦ ને ગુરુવારના રોજ કથાનો પ્રારંભ કરવામાં આવશે જે ભાદરવા સુદ ૧૫ ને બુધવાર સુધી ચાલશે,બપોરે ૨.૩૦ વાગ્યા થી ૬.૩૦ વાગ્યા સુધી વ્યાસપીઠ ઉપર પૂજ્ય વિનોદભાઈ શાસ્ત્રીજી ( કપડવંજવાળા ) બિરાજીને કથાનું શ્રવણ કરાવશે. ધર્મપ્રેમી જનતાને કથાનો લાભ લેવા માટે અપીલ કરવામાં આવી છે. સમગ્ર કથાનું આયોજન શ્રી નેપાળેશ્વર મહાદેવ શ્રી રાધા મહિલા ભજન મંડળ દ્વારા કરવામાં આવ્યું છે.

# આજથી અંબાજી ભાદરવી મહામેળાનો ઉત્સાહમય માહોલમાં પ્રારંભ થશે

**અંબાજીના માર્ગો પદયાત્રિકોથી ઉભરાવા લાગશે : લાખો માઇભક્તો માટે તંત્ર દ્વારા વ્યાપક સુવિધાઓ કરાઇ : અંબાજી દેવસ્થાન ટ્રસ્ટ અને જિલ્લા વહીવટીતંત્ર ધ્વારા હાથ ધરાયેલ તડામાર તૈયારીઓ પૂર્ણ**



ફાઈલ ફોટો

પાલનપુર

પ્રસિધ્ધ યાત્રાધામ અંબાજી મુકામે પ્રતિવર્ષ યોજાતા ભાદરવી મહામેળાનો આવતીકાલ તા.૩૧ ઓગષ્ટ થી શાનદાર પ્રારંભ થશે. તા.૩૧ ઓગષ્ટમ થી ૬ સપ્ટેમ્બર દરમ્યાન યોજાનાર આ મહામેળામાં લાખો માઈભક્તો દુરદુરથી ચાલતા આવીને માના ચરણોમાં મસ્તક નમાવી ધન્ય બનશે. યાત્રિકોને જરૂરી તમામ સુવિધાઓ સરળતાથી અને પુરતા પ્રમાણમાં મળે તે માટે કલેકટર કમ અંબાજી દેવસ્થામન ટ્રસ્ટીના ચેરમેનશ્રી દિલીપ રાણાની સુચના અને માર્ગદર્શન અનુસાર જિલ્લા વહીવટીતંત્ર અને શ્રી અંબાજી દેવસ્થાન ટ્રસ્ટ ધ્વારા વ્યાપક સુવિધાઓ ઉપલબ્ધ બનાવવામાં આવી રહી છે.

ઉલ્લેખનીય છે કે, અંબાજી ભાદરવી મહામેળામાં પદયાત્રા કરીને અંબાજી જવાનો અનેરો મહિમા હોવાથી લોકો દુરદુરથી ચાલતા અંબાજી જાય છે. આધશક્તિ મા અંબે શક્તિ સ્વરૂપ હોવાથી પદયાત્રા ધ્વારા કષ્ટઅ વેઠીને અંબાજી જવાથી માતાજી પ્રસન્ન થાય છે તેવી માન્યતા હોવાથી માઈભક્તો થાક કે

અનુસંધાન પાના નં.૬

## સઘન સુરક્ષા વ્યવસ્થા

મેળા પ્રસંગે પોલીસ અને સુરક્ષા દળના જવાનો ધ્વારા પુરતો પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. પોલીસ અધિક્ષકશ્રીની સુચના મુજબ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવા સમગ્ર વિસ્તારને કૂલ-૯ સેકટર તથા ૨૨ ઝોનમાં વહેંચણી કરીને વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. ૧૯-ડી.વાય.એસ.પી., ૬૬ પી.આઈ., ૨૩૭-પી.એસ.આઈ. તથા સંખ્યાબંધ પોલીસ અને સુરક્ષાદળના જવાનો સઘન સુરક્ષા વ્યવસ્થા જાળવશે.

પોલીસ વિભાગ ધ્વારા ૭ જેટલા કન્ટ્રોલરૂમ તેમજ ૨૭ વોચ ટાવર બનાવવામાં આવ્યા છે. ૧૦૧ જેટલા સીસીટીવી તથા ૧૭ પી.ટી.ઝેડ કેમેરા ધ્વારા પરિસ્થિતિ પર ઝીણવટભરી નજર રાખવમાં આવશે.

## દર્શનની વિશેષ વ્યવસ્થા

મેળા પ્રસંગે અંબાજી દેવસ્થાન ટ્રસ્ટ ધ્વારા દર્શનના સમયમાં વિશેષ વધારો કરવામાં આવ્યો છે. આરતી સવારે ૬.૧૫ વાગે થશે. તેમજ મંદિર રાત્રિના ૧-૩૦ વાગ્યા સુધી ખુલ્લુ રાખવામાં આવશે.

## વિનામૂલ્યે ભોજનની વ્યવસ્થા

અંબાજી દેવસ્થાન ટ્રસ્ટ ધ્વારા મેળા પ્રસંગે વિનામૂલ્યે ભોજનની વ્યવસ્થા કરવામાં આવી છે. જેનો વિશાળ સંખ્યામાં યાત્રિકો લાભ લેશે. અંબાજી ખાતે ડી.કે.ત્રિવેદી સર્કલ પાસે દિવાળીબા ગુરૂભવન ધર્મશાળા આગળના કંમ્પાઉન્ડમાં, અંબિકા ભોજનાલય ખાતે તથા ગબ્બર ખાતે વ્યવસ્થા કરવામાં આવી છે.

## વિશેષ આયોજન

મેળા દરમ્યાન સ્વાઈન ફ્લુથી લોકોના રક્ષણ માટે ૬ કેન્દ્રો પર આયુર્વેદિક ઉકાળાની વ્યવસ્થા કરવામા આવેલ છે.

- તેમજ ૧૦ કેન્દ્રો ખાતે હાથ ધોવાની વ્યવસ્થા કરવામા આવેલ છે. જેથી ચેપને ફેલાતો અટકાવી શકાય.
- ૭ કેન્દ્રો પર ગાર્ગલ (ગરમ પાણીના કોગળા) માટેની વ્યવસ્થા કરવામા આવેલ છે.
- લોકોને તાત્કાલિક ઉપચારની વ્યવસ્થા કરવામા આવેલ છે. તેમજ ચેક-અપ સેન્ટર કાર્યરત કરવામા આવનાર છે.
- લોકોને મચ્છરના ઉપદ્રવથી રાહત માટે ગુગળ જેવી આયુર્વેદિક ઔષધી તેમજ લીમડાનો ધુપ કરવામા આવશે.
- લોકોની પીવાનુ સ્વચ્છ તેમજ કલોરીનેશન કરેલ પાણી પૂરૂ પાડવામા આવશે તેમજ તે અંગેની જરૂરી વ્યવસ્થા કરવામા આવેલ છે.
- વધુમા યાત્રિકોની સુવિધા માટે જીલ્લા વહીવટીતંત્ર દ્વારા (૦૨૭૪૯) ૨૬૨૦૪૦ પર હેલ્પલાઈન નંબર કાર્યરત કરવામા આવેલ છે. જેના પર મેળા દરમ્યાન કોઈ પણ યાત્રિક સંપર્ક કરી તાત્કાલિક સહાય મેળવી શકશે.
- તેમજ પોલીસ દ્વારાલોકોને તાત્કાલિક મદદ મળે તે માટે ૯૯૧૩૧ ૬૧૦૦૦ નંબર પર વ્હોટસ એપ સહાયતા હેલ્પલાઈન શરૂ કરવામા આવેલ છે.
- તેમજ મહત્વના સ્થળો તેમજ ચાવીરૂપ સ્થળો પર સી.સી.ટી.વી. કેમેરા લગાવવામાં આવેલ છે. જેના માધ્યમથી કંટ્રોલ રૂમ પરથી રાઉન્ડ ધ કલોક મોનીટરીગ રાખવામાં આવશે.
- અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ તરફથી યાત્રિકો માટે ૩ સ્થળોએ નિઃશુલ્ક ભોજનની વ્યવસ્થા કરવામા આવેલ છે.

# દાંતીવાડા ડેમ તૂટયાને આજે ૪૪ વર્ષ પૂર્ણ

**જળ પ્રલયની બિહામણી રાતની આછેરી ઝલક : ૨૦૧૭ માં પણ ભારે વરસાદથી પૂરની યાદ તાજી થઈ**



ભરત સુંદેશા

ડીસા

આઝાદી પછી વિકાસના પાયાના ભાગ રૂપે ખેતીમાં ની આવશ્યક જરૂર છે અને જે માટે પાણી ની આવશ્યક જરૂરિયાત હોય છે મુંબઈ રાજ્ય ના સમય બનાસનદી જે પડોશી રાજ્ય રાજસ્થાનના અરવલ્લી પિડવાડા ની ગિરિમાળા માંથી ઉદભવ થઈ અને નદી સ્વરૂપે સ્વરૂપગંજ આવી ત્યાર સ્વરૂપગંજ પાસે બનાવેલ વિયર એટલેકે પાળ બંધ જે ઓવરફ્લો થઈ બનાસનદી ના સ્વરૂપ ગુજરાત ના અમીરગઢ થી બનાસકાંઠા માં પ્રવેશતી હતી જેથી ખેડૂતો ને રોજ સિંચાઈ માટે પાણી મળી રહે તે હેતુ થી મુંબઈ રાજયના મુખ્યમંત્રી યશવંતરાય ચૌહાણ દ્વારા દાંતીવાડા પાસે ડેમ ની ૧૯૫૮ માં ખતમૃહુત કરેલ ત્યારબાદ ૧૯૬૦.૬૧ માં કામ શરૂ થયું અને ૧૯૬૬ માં ડેમ પર ૧૧ દરવાજા નખ્યાં અને ડેમની ૬૦૪ ફૂટ ની સપાટી વાળું વિશાલ એટલેકે એક લાખ દશ હજાર એકરમાં ડેમ તૈયાર થયો અને સિંચાઈ માટે પાણી આપવાનું શરૂ કર્યું શરૂઆતમાં દાંતીવાડા આજુબાજુ ના વિસ્તારઅને બાદ માં એટલેકે હાલમાં બનાસકાંઠા અને પાટણના ૧૧૦ ગામો માં ૪૫ હજાર હેકટરમાં પિયત માટે પાણી આપવાની સાથે ૧૦૦ થી વધુ ગામોમાં પીવાનું પાણી અપાઈ રહ્યું છે.આ ડેમ ની વાત કરીએ ૧૯૭૩ ની ૩૧ ઓગષ્ટ એટલેકે આજથી ૪૪ વર્ષે પહેલા ની આ વાત કરતા જ જેમણે આ સમય જોયો છે અને જેને ડેમ પર આ સમયે ફરજ બજાવી છે તેમની આંખો માં ડર દેખાયી આવે છે.આજથી ૪૪ વર્ષ પહેલાં રાજસ્થાન માં જ્યાંથી નદી ઉદભવ થાય છે તે પીડવાડા માં ભારે વરસાદ ના કારણે સ્વરૂપગંજ નું વિયર તૂટી જવા પામ્યું અને બનાસનદી માં ધોડાપૂર આવ્યું અને ડેમ માં ૪.૫૦ લાખ ક્યુસેક પાણી ની આવક થવા લાગી અને ડેમના અધિકારીઓ, કર્મચારીઓ ડેમના તમામ ૧૧ દરવાજા ખોલી દીધા પરંતુ દરવાજા માંથી પાણી નીકળવાની અક્ષમતા ૨.૪૫ લાખ ક્યુસેક ની હતી જેથી ડેમ માં આવક કરતા જાવક ઓછી હતી અને ડેમની સપાટી ૬૦૪ ને વટાવી પાણી ડેમના દરવાજા પાસે બનાવેલ કન્ટ્રોલ રૂમ માં થઈ ને પાણી નીકળવા લાગ્યું અને ૬૦૯ ની સપાટી વટાવી આ રીતે કન્ટ્રોલ કેબીન માંથી પાણી નીકળવા લાગ્યું હતું. જે યાદને તાજી રાખવા આજે ડેમના કન્ટ્રોલ રૂમ માં લાલ કલરથી નિશાની લગાવી છે. કન્ટ્રોલ રૂમ બાદ અનુસંધાન પાના નં.૬

ડેમ તૂટ્યું તે વાત ને ૪૪ વર્ષ થયાં પણ ૨૦૧૭ ના ૨૩ જુલાઈ એ પણ ૪૪ વર્ષ પહેલાંની યાદ ને તાજી કરી દીધી હતી.૪૪ વર્ષ પહેલાં ડેમ તૂટ્યું અને પાણી ડીસા માં આવ્યું અને લાટીબજાર માં ભારે નુકસાન થયું ૩૧ મી ઓગષ્ટ ૧૯૭૩ ની રાત્રે ભારત પાકિસ્તાન ની હોકી મેચ પણ હતી અને ડેમ નું પાણી જ્યારે ડીસા તરફ આવ્યું ત્યારે જસભાઈ ની લાટી જે સમગ્ર જિલ્લા ની પ્રખ્યાત લાટી હતી જેમાં આવ્યું ત્યારે પ્રમોદભાઈ જે લાટી ના માલિક હતા તેઓ રેડીઓ પર મેચ સાંભળી રહ્યા હતા અને ઘસમશતા આવી રહેલા પાણી માં લાઈટ ના થાંભલા પડવા લાગ્યા અને અંધારું થઈ જતા બિહામણા ઘનઘોર અંધકાર માં પાણી આવ્યું અને જસભાઈ ની લાટી માં પડેલ સામાન પાણી માં તણાવા લાગ્યું અને આજુબાજુ ના ઘરો પણ પાણી. માં તણાવા લાગ્યા અને બાદ માં મુન્સિપલ્ટી ની બસો માં લોકો ને સલામત સ્થળે ખસેડવામાં આવ્યા હતા.પ્રમોદભાઈ એ જણાવ્યું હતું કે ૧૯૭૩ ની યાદ આ સાલ એટલે કે ૨૦૧૭ માં સર્જાઈ હતી. (દિનેશભાઈ દવે..તત્કાલીન ડેમ કર્મચારી)

૧૯૭૩ ની ૩૧ ઓગષ્ટ ની રાત્રી બિહામણી હતી જેવી જ ઘટના ૨૦૧૭ ૨૩ જુલાઈ ની રાત્રી બની હતી.૨૩ જુલાઈ એ પડેલ ઉપરવાસ માં ભારે વરસાદ એ બનાસકાંઠા ના જીવાદોરી ગણાતા દાંતીવાડા અને સિપુ ડેમ ભરાઈ ગયા સિપુ ડેમ એ ત્રીસ વર્ષ અગાઉ બનેલો ડેમ છે આડેમ માંથી ખેડૂતો ને સિંચાઈ માટે પાણી આપવામાં આવી રહ્યું છે.સિપુ ડેમ ની વાત કરીએ તો આ ડેમ ના ત્રીસ વર્ષ ના સમય માં પ્રથમ વખત આટલું પાણી જોવા મળ્યું આ ડેમ માં ૨૦૧૫ ની સાલ માં ૨૦ હજાર ક્યુસેક પાણી આવ્યું અને ૯ હજાર ક્યુસેક પાણી છોડાયું હતું.આ ડેમ પર ૧૨ દરવાજા મુકવામાં આવેલ છે અને ૬૧૧ ની ફૂલ સપાટી ધરાવતું ડેમ પ્રથમ વખત ભરાયું અને મોટી જાનહાની સર્જી દીધી આ ડેમ માં ૨૨ મી જુલાઈ ના રોજ ૫૭૬ ફૂટ ની સપાટી હતી એટલેકે ડેમમાં પંદર ટકા પાણી હતું અને ૨૩ જુલાઈ ના રોજ રાજસ્થાન ના આબુરોડ પશ્ચિમ, રેવદર, મંડાર,અને બનાસકાંઠા. માં પડેલ અતિભારે વરસાદના કારણે આવક ૩.૭૩ લાખ ક્યુસેક થઈ અને ડેમના તમામ ૧૨ દરવાજા ખોલી ૨.૪૮ લાખ ક્યુસેક એટલેકે ડેમ ના દરવાજા ની જેટલી કેપિસિટી હતી તે ખોલી દેવામાં આવી અને આવક કરતા જાવક અડધી હતી અને સાથે સાથે એકદમ છોડેલા પાણી ન કારણે નદી વિસ્તારમાં રહેતા લોકો ફસાઈ ગયા ડીસા,કાંકરેજ, અને રાધનપુર સુધી રાત્રે પાણી પહોંચી ગયું અને પાણી માં અનેક લોકો ના મૃત્યુ થયા આ બાબતે ડેમ અધિકારી એ જણાવ્યુ હતુ કે ડેમ ના દરવાજા ની અક્ષમતા કરતા પાણી વધારે આવી રહ્યું હતું.પરંતુ કુદરત ની મહેરબાની થી ઉપરવાસમાં વરસાદ ઘટ્યું અને આવક ઘટી જેથી અમે સુરક્ષિત રહી શક્યા અને આવક વધતા નીચાણ વાળા ગામો ને એલર્ટ કરી દઈ પાણી છોડ્યું હોવાનું સિપુડેમ પરના અધિકારી એ જણાવ્યું હતું.

(કે.એમ.રાજપુત..સિપુડેમ અધિકારી)

ડીસામાં વીસ ફૂટ જેટલું પાણી નીકળવા લાગ્યું શહેરને બે ભાગમાં વહેંચી દીધું હતુ ડીસાના લોકોને વહીવટી તંત્ર અને મુન્સિપાલ્ટીની બસો દ્વારા સલામત સ્થળે ખસેડી દેવામાં આવ્યા હતા. જો કે આ પાણી રાજપુરનું વડલો જે વડલાના છાંયડામાં લોકો આશરો લેતા હતા અને શહેરની ઓળખ હતી તેના ઉપર થઈને પાણી નીકળવા લાગ્યુ જે વડલો આજે પણ અડીખમ ઉભો છે જે આજે પણ લોકો માટે વિસામો છે. જ્યારે જસભાઈની લાટી પાસે એક કુવો આવેલો હતો જ્યાં જ્યારે મુન્સિપાલ્ટીનું પાણી ન આવતું ત્યારે નગરજનો પાણી ભરવા આ કુવા પર જતાં તે કૂવો વિસ ફૂટ ખુલ્લો થઈ જવા પામ્યું હતુ અને શહેરમાં વિસ ફૂટ પાણી વહી રહ્યું હોવાનો આ પુરાવો આજે પણ છે. (પ્રમોદભાઈ પટેલ, જશભાઈ લાટીના માલિક)

આ નજરે જોનારા ડીસાના નગરજન અને વરિષ્ટ પત્રકાર પંકજભાઈએ જણાવ્યું હતુ કે ૧૯૭૩ ના ૩૧ ઓગષ્ટના રોજ ડેમના પાછળના ભાગે ગાબડું પડ્યું હતુ અને પાણી ડીસામાં આવતા લાટીબજારમાં લાટીઓ અને મકાનો તણાઈ રહ્યા હતા બે ત્રણ જગ્યાએ થી પાણી વહી રહ્યું હતુ જોકે આટલું પાણી ૨૦૧૭ માં પણ ફરી જોવા મળ્યુ હતુ. પંકજભાઈ સોનેજી, પ્રથમ દર્શિય અને વરિષ્ટ પત્રકાર

આ ડેમ જ્યારે તૂટ્યો હતો અને કન્ટ્રોલ રૂમમાંથી પાણી વહી રહ્યું હતુ ત્યારે ડીસાના જાણીતા ફોટોગ્રાફર વિજયભાઈ બારોટ તેમને આ વખતે ડેમ પર પહોંચી ફોટોગ્રાફી અને ફિલ્મીકરણ કર્યુ હતુ. તેમને કરેલી ફિલ્મીકરણ અનેક લોકો નિહાળી હતી. તેમને જણાવ્યું હતુંકે ૪૪ વર્ષે પહેલા ડેમ તૂટ્યું પાણી શહેર અને અનેક ગામડાઓ માં આવ્યું પરંતુ જાનહાની થઈ ન હતુ પરંતુ ૨૦૧૭ ના પુર એ અનેક લોકો ના જીવ લઈ લીધા હતા. (વિજયભાઈ બારોટ, વરિષ્ટ ફોટોગ્રાફર)

# સમણવાની સગીરાને પડોશી યુવક ભગાડી ગયો

**સગીરા ઘરમાંથી રોકડ અને દર દાગીના પણ લઈ ગઈ : પોલીસ નિષ્ક્રીય**

ડીસા

કાંકરેજ તાલુકાના સમણવા ગામની સગીરાને પડોશમાં રહેતો યુવક લગ્ન કરવાના ઈરાદે લલચાવી ઘરમાં પડેલ રોકડ રૂપિયા અને દર દાગીના સાથે ભગાડી જતા પંથકમાં ચકચાર મચી જવા પામી છે.

સમણવા ગામના દિનેશભાઈ મોહનભાઈ લોધા ચેખલાવાળી વાટે આવેલ પોતાના ખેતરમાં મકાન બનાવી પરિવાર સાથે રહે છે. જેમને સંતાનમાં ત્રણ પુત્ર અને એક સગીર વયની પુત્રી છે. તેમના ખેતરની બાજુમાં ચેખલા ગામના વિક્રમજી સ્વરૂપજી ઠાકોર પણ ખેતરમાં મકાન બનાવી પરિવાર સાથે રહે છે. ગત તા. ૩/૮/૨૦૧૭ ના રોજ સાંજના સુમારે દિનેશભાઈ લોધા તેમના પરિવાર સાથે વાળુ - પાણી કરી સૂઈ ગયા હતા પરંતુ ખેતરમાં કપાસ વાવેલ હોઈ અને રાત્રે રોજ આવતા હોઈ તેઓ રાત્રે અઢી વાગે જાગ્યા હતા અને ઘરની લાઈટ ચાલુ કરી તો તેમની પુત્રી ખાટલામાં સુતેલી દેખાઈ નહતી જેથી તેમણે તેમની પત્નિ અને પુત્રોને જગડ્યા હતા અને ખેતરમાં તેમની પુત્રીની શોધખોળ કરી હતી. પરંતુ દિવસ ઊગી જવા છતાં તે મળી આવી નહતી તેથી પડોશમાં રહેતા અજીત

અનુસંધાન પાના નં.૬

# ધાનેરા તાલુકાની બે સગીરાને ભગાડી લઈ જવાઈ

તા.પ્રતિ. ધાનેરા

ધાનેરા તાલુકાના બે ગામોમાં અલગ અલગ યુવકો ઉચ્ચ કુટુંબની સગીરાઓને પ્રેમ જાળમાં ફસાવી ભગાડી લઈ ગયાની વાત ચોરે ને ચૌટે થાય છે.

જો કે ઈજ્જત જવાની બીકે તે સગીરાના વાલી વારસોએ પોલીસમાં ફરીયાદ નોંધાવી નથી. પરંતુ અંગત રીતે તપાસ ચાલી રહી છે. આવી પ્રેમ જાળમાં ફસાવનાર લોકોને બહાર પાડી પદાર્થ પાઠ ભણાવવામાં આવે તેમ પ્રજા ઈચ્છે છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, બનાસકાંઠા જિલ્લામાં ઘણા સમયથી સગીરાઓને પ્રેમજાળમાં ફસાવી ભગાડી જવાના બનાવો વધી ગયા છે. ત્યારે આવી ઘટનાઓના કારણે સમાજ વ્યવસ્થાને હાની પહોંચે છે.

# દીઓદરમાં ધોળા દિવસે ગાયત્રી મંદિરમાં ચોરી



(અશોક શેઠ)

દીઓદરમાં એસ.પી.કચેરી સામે જ આવેલ ગાયત્રી માતાના મંદીરે આજે સાંજે પાંચ વાગ્યાના સુમારે મંદિરમાં આવેલ ગાયત્રી માતા, અંબાજી માતા, અને લક્ષ્મી માતાની મૂર્તિઓના ચાંદીના અંદાજે ૧ાા કીલોના વજનના મુગટ નંગ-૩ અને બગસરાના હાર નંગ-રની ઉઠાંતરી થઈ હોવાની અરજી મંદિરના પૂજારી કાંતિલાલ જોષીએ દીઓદર પોલીસને આપેલ છે. દીઓદરના મુખ્ય પોલીસ સ્ટેશન રોડ ઉપર પોલીસ સ્ટેશન અને ડી.વાય.એસ.પી.કચેરીની એકદમ સામેજ આવેલ મંદીરમાં ધોળા દિવસે ચોરોએ હાથ અજમાવી જાણે કે પોલીસને પડકાર ન ફેંક્યો હોય ?

# દિયોદરમાં મુખ્યમંત્રીના આગમનની વહેલી પરોઢે કોંગ્રેસના કાર્યકરોની અટકાયત

**લાખણી તાલુકાના કોંગ્રેસી કાર્યકરોની અટકાયત કરવામાં આવી**

(પ્રતિ.) લાખણી

ગુજરાત રાજયના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી જિલ્લાના પૂર અસરગ્રસ્ત લોકોને સહાયના ચેક આપવા દિયોદર ખાતે આવી રહ્યા છે અને બપોરે ૨ કલાકે પ્રોગ્રામ યોજવાનો હતો ત્યારે મુખ્યમંત્રીના કાર્યક્રમ દરમિયાન કોઈ જ વિરોધ પ્રદર્શન ના થાય એની પોલીસ દ્વારા પૂરતી તકેદારી રાખવામાં આવતી હોય છે. ત્યારે પોલીસને ગુપ્ત માહિતી મળી કે કોંગ્રેસના કાર્યકર્તાઓ પૂર અસર ગ્રસ્ત લોકોને



દેવજી રાજપૂત

સાથે લઈને બનેરો બતાવી વિરોધ પ્રદર્શન કરવાના છે.

ત્યારે હરકતમાં આવેલ પોલીસે તાત્કાલિક ધોરણે માહિતી મેળવીને મુખ્યમંત્રીના આગમનની વહેલી સવારે કોંગ્રેસના કેટલાક કાર્યકરોને ઘરે થી જ નજર કેદ કરવામાં આવ્યા જ્યારે કેટલાક કાર્યકર્તાઓને અલગ અલગ જગ્યાએથી ધરપકડ કરવામાં આવી તેમજ તેમને આગથળા પોલીસ સ્ટેશનમાં લઈ જવામાં આવ્યા અને મુખ્યમંત્રીનો કાર્યક્રમ પૂરો થયા બાદ તેમને મુક્ત કરવામાં આવ્યા હતા.

# વિશ્વેશ્વરની બનાસ નદીમાં ગણપતિ વિસર્જન માટે ભાવિકોનો ઘસારો

પ્રતિનિધિ ઈકબાલગઢ

બનાસકાંઠા જિલ્લામાં વિઘ્નહર્તા ભગવાન ગણપતિનો ઉત્સવ ધામ ધૂમથી ઉજવાઈ રહ્યો છે.વિવિધ પંડાળોમાં આરતી અને પૂજા અર્ચના સાથે રાત્રે રાસ-ગરબાની રમઝટ જામે છે ત્યારે વિવિધ પંડાલોના આયોજકો દ્વારા ગણપતિની મૂર્તિનું વિસર્જન કરવામાં આવી રહ્યુ છે. આ વર્ષે ભારે વરસાદના કારણે ઠેર ઠરે તળાવો અને નદી-નાળામાં પાણી ભરાયું છે. પરંતુ મોટાભાગના આયોજકો વાહનો દ્વારા ડી.જે.ના તાલે નાચતા-ગાતા ઈકબાલગઢ નજીક વહેતી વિશ્વેશ્વર બનાસ



અરવિંદ ઠાકોર

નદીમાં વિસર્જન કરવાનું પસંદ કરે છે. જેથી કુદરતી સ્થળે બનાસનો તટ વિશાળ હોવા છતાં ગણપતિ ભક્તોનો ભારે ઘસારો રહે છે. તેથી વિશ્વેશ્વરને જોડતા માર્ગો 'ગણપતિ બાપા મોરીયા' ના નાદથી ગુંજવા સાથે નદી પર માનવ મહેરામણથી ઉભરાઈ ઉઠે છે. નદીમાં જલઝીલણી અગિયારસ સુધી ભાવિકોનો ઘસારો હોવાની શક્યતા છે.

# પાલનપુરમાં દોઢ ઈંચ વરસાદ ખાબક્યો

**જિલ્લામાં છુટા છવાયા વરસાદી ઝાપટાંનો દોર યથાવત**

ડીસા

બનાસકાંઠા જિલ્લામાં ભારે વરસાદની આગાહીના પગલે ભાદરવા મહિનામાં અષાઢી માહોલ છવાયો છે.જેથી આકાશમાં છવાતા કાળા ડીબાંગ વાદળો છુટા છવાયા ધોધમાર વરસી પડે છે.ગતરોજ પણ પાલનપુરમાં સૌથી વધુ દોઢ ઈંચ જ્યારે સૂઈગામ, દિયોદર, ડીસા અને દાંતા તાલુકામાં એક-એક ઈંચ વરસાદ ખાબક્યો હતો.

જેના કારણે સર્વત્ર પાણી-પાણી થઈ ગયું હતુ અને જાહેર રસ્તાઓ સહિત ઠેર ઠેર વરસાદી પાણી ભરાઈ ગયુ હતું. જિલ્લામાં



સંજય જોષી

વાયરસજન્ય બિમારીઓ વધી પડી છે ત્યારે સતત વરસાદી માહોલથી બિમારીઓ વકરવાની શક્યતા છે.જો કે હજુ બે દિવસ સુધી ભારે વરસાદની આગાહી છે. તેથી બનાસવાસીઓને વરસાદથી રાહત મળે તેવા અણસાર વર્તાતા નથી.

**વરસાદના આંકડા**

| તાલુકો | ગતરોજ વરસાદ | કુલ વરસાદ |
|---|---|---|
| અમીરગઢ | ૦ | ૧૩૫૬ |
| ભાભર | ૨૦ | ૯૩૮ |
| દાંતા | ૨૪ | ૧૧૯૩ |
| દાંતીવાડા | ૧૬ | ૧૫૮૦ |
| ધાનેરા | ૦ | ૧૦૪૭ |
| દિયોદર | ૨૭ | ૧૨૭૪ |
| ડીસા | ૨૫ | ૧૨૬૮ |
| કાંકરેજ | ૨૦ | ૭૩૯ |
| પાલનપુર | ૪૧ | ૧૪૩૨ |
| થરાદ | ૦ | ૭૮૦ |
| વાવ | ૧૧ | ૬૫૧ |
| વડગામ | ૯ | ૧૨૭૭ |
| લાખણી | ૧૮ | ૧૦૮૮ |
| સૂઈગામ | ૨૯ | ૮૪૪ |

# ડીસા - લાખણીના પૂરગ્રસ્તો સરકારી સહાયથી વંચિત

ડીસા

આમ આદમી પાર્ટીના જિલ્લા પ્રવક્તા મગનભાઈ વી.દેસાઈ (એડવોકેટ) એ તાજેતરમાં પૂર પ્રભાવથી ડીસા અને લાખણી તાલુકાના ગામોની મુલાકાત લીધી હતી.જેમાં નાણી, તાલેગંજ, ઘરનાળ, નાની-મોટી વગેરે ગામોમાં માત્ર કેશડોલ ચુકવાઈ છે પરંતુ ખેડૂતોની જમીન ધોવાણ અને પાક નિષ્ફળ માટે હજુ સુધી કોઈ સહાય ચુકવાઈ નથી.અધિકારીઓ સરપંચ અને તેમના પરિવારોને

અનુસંધાન પાના નં.૬

## ધાનેરામાં સ્કૂટર અને બાઈક ટકરાતા પૂજારીનું મોત

તા.પ્રતિ. ધાનેરા

ધાનેરા ખાતે નગરપાલીકા પાસે આવેલ હનુમાનજી મંદિરના પૂજારી સ્કૂટર ઉપર ગતરોજ મંદિરે જવા નિકળ્યા હતા. તે દરમિયાન મધુ સુદન પ્લાઝા નજીક સામેથી બેફામ આવતા મોટર સાઈકલ ચાલકે તેમને ટક્કર મારતાં પૂજારી પ્રેમશંકર અમુલખ જોષી ને માથાના ભાગે ગંભીર ઈજાઓ થતાં મહેસાણા લઈ ગયેલ જ્યાં ગઈકાલે સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું.

**જોઈએ છે**

ડીસા ખાતે ખ્યાતનામ કન્સ્ટ્રકશન કંપની માટે ૫ વર્ષના અનુભવી એકાઉન્ટન્ટ જોઈએ છે. ટેલી તથા મેન્યુઅલ જાણકાર. પગાર લાયકાત મુજબ.

॥ સંપર્ક ॥
મો.૯૦૯૯૯૦૦૫૬૧
મો.૯૦૯૯૯૦૦૫૭૫